જામનગર, જુનાગઢ, ભાવનગર, વડોદરા, પોરબંદર વગેરે
સ્ટેટના કેળવણી ખાતામાં ઇનામ લાઇબ્રેરી બુક તરીકે
મંજુર થએલ છે

श्री

कन्या गरबावळी.

બનાવનાર

મણિશંકર વિ. વિશ્વનાથ દવે.

કરાચી નવી ગુજરાતી હિંદુ કન્યાશાળાના
માહેતાજી.
રહીશ જોડીયા બંદર.

આવૃત્તિ ૨ જી.

હરિગીત છંદ.

ગરબાવળીનો ગ્રંથ આ કરીં કંઠ બાળ વિચારજો,
નિજ દોષ દૂર કરી સકળ સ્ત્રી સદ્‌ગુણોને ધારજો;
સદ્ધર્મને ધારી હૃદય ત્રય તાપ ટાળી ઠારજો,
આ રત્નમય ગરબાવળી કરીં કંઠ તરીને તારજો.

સને ૧૯૧૦ સંવત ૧૯૬૬.

કરાચી.
"મનોહર" પ્રિન્ટિંગ પ્રેસ.

કિંમત ૪ આના.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ લોકપ્રિય ગરબાવળીની પહેલી આવૃત્તિ છપાઈ બહાર પડતાંજ તમામ નકલો ખપી જવાથી અને ઉપરાઉપરી માગણીથી તેની આ બીજી આવૃત્તિ સુધારા સાથે તરતમાંજ છપાવવાની જરૂર પડી.

આ ગ્રંથની લોકપ્રિયતા ને ઉત્તમતાની ખાત્રી કરીને વડોદરા, જામનગર તેમજ કેટલાંક રાજ્યના દેશી કેળવણી ખાતાંએ ઈનામ તથા લાઈબ્રેરી માટે મંજુર કરી યોગ્ય આશ્રય આપ્યો છે. તથા મુંબઈના ઑનરેબલ શેઠ વિઠ્ઠલદાસ દામોદરના માતુશ્રી નાથીબાઇએ પણ મોટી સંખ્યામાં બુકો ખરીદી અતિ ઉદારતા બતાવી છે તે માટે એ સર્વેનો આભાર માનું છું.

આ ગ્રંથ બાળકીઓને શિક્ષણ લેવા માટે કેવો ઉપયોગી છે તેની લોકોને જેમ જેમ ખાત્રી થતી જાય છે તેમ તેમ તેનો વધારે લાભ લેતા જાય છે. ને કેટલાક આ ગરબાવળીને કન્યાશાળામાં શિક્ષણને માટે ચાલતી જોવાને ઈચ્છા જણાવવા લાગ્યા છે એમ જાણી મને સંતોષ થાય છે

આ ગ્રંથ આ દેશનાં સ્ત્રી, પુરૂષ, પુત્ર, પુત્રિયો, વાંચી સાંભળીને નિરંતર મનન કરો અને તેમના હૃદયમાં ધર્મ નીતિ અને પવિત્ર જ્ઞાન સચોટ જામો તથા પવિત્ર ને પ્રેમી થઈ પ્રાચીન સુખદાયી સ્થિતિ ભોગવો એવી મારી મંગળમય પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

મકરસંક્રાન્તિ,
૧૯૬૬.

કર્તા.

અનુક્રમણિકા.

+ સૌને સાથે બોલાવી રજા દેવી.

પ્રસ્તાવના.

અહો ! સજ્જનો, વિચાર કરતાં એમ જણાય છે કે આ દુનિયામાં કોઇ પણ માણસ ગાયનથી ખુશી નહિ થાય, એવું મારા જોવામાં આવ્યું નથી. તેમજ પક્ષીઓ વગેરે અનેક પ્રાણી પોતાની ભાષામાં આનંદથી ગાયન રૂપી કોલાહલ કરતાં હોય તેવું ઘણાં માણસોના જોવામાં આવે છે, તેથી હું એમ ધારૂં છું કે માણસને ગમતની સાથે જ્ઞાન આપનારૂં સાધન તો સારાં ગાયનજ છે. જેટલી ગાયનથી તનમન ઉપર અસર થાય છે, તેટલી બીજાથી થતી નથી. તો તન મનની શક્તિની કળીઓને સુનીતિના ગાયન રૂપી જળ વડે પ્રફુલ્લિત કરી સુગંધી આપવાવાળું સાધન તો સારી કવિતાજ છે, એમ ધારી મારી આર્ય ભૂમિની ઉછરતી સુંદર મહિલાના સાથને ગમતની સાથે જ્ઞાન આપવાના હેતુથી મેં આ ગરબાવળી તૈયાર કરી છે. તેમાં મારી બુદ્ધિ પ્રમાણે યથાશક્તિ નીતિ રસ તથા શૈલી વાપરી નાનાં બાળકો ગાઇ શકે તેવા રાગો યોજ્યા છે. વળી તે રાગો જાણવા માટે એક પ્રસિદ્ધ કડી પ્રાચીન કવિયોના ગવાતા ગરબાઓમાંથી શોધી ઉપર મૂકી છે. તથા ધોરણમાં પણ ચલાવી શકાય તેવી રીતે ગરબીઓની અનુક્રમે ગોઠવણ કરવા ઉપર પણ પૂરતું ધ્યાન આપવામાં આવ્યું છે.

આધુનિક જન સમાજમાં પ્રાચીન કવિયોની કવિતાના રાગ તાલ ગાવા સાંભળવા પ્રીતિકર જોવામાં આવે છે, જેથી પ્રસિદ્ધ રાગમાં ગવાય તેવી ગરબીઓ લોકપ્રિય થશે એવી અભિલાષાથી આ પુસ્તક રચ્યું છે. આવી ગરબાવળી કવિ કૌસ્તુભ નવલરામભાઇ તરફથી બહાર પડી છે ને તે

કન્યાશાળાઓમાં ચાલે છે. પરંતુ તેમાંના રાગ તાલ અઘરા તથા પરિચિત ન હોવાથી ઉછરતી કન્યાઓને ગાવામાં તથા સમજવામાં મુશ્કેલી ભરેલા જણાય છે. તેમજ વળી નીચલાં ધોરણમાં બાળકન્યાઓને માટે સહેલા, રસિલા અને ગાતાં ઉમગ થાય તેવા ગરબાઓ મળવાને માટે હાલ સુધી તેવું સાધન જોવામાં આવતું નથી. એમ મને કેટલાંક કારણથી જણાતાં મેં પ્રસિદ્ધ રાગ તાલમાં નવલ કન્યાઓ અર્થ સમજી કેલવણીમાં કેવી રીતે ઉમંગભર આગળ વધતી જાય, તથા દુનિયામાં સદ્‌ગુણને પાત્ર થાય તેવી રીતના સરલ અર્થવાળા, સુનીતિવાળા અને તમામ સુંદર મહિલાઓના વર્ગોને હિતોપદેશક ગરબાઓ રચી આર્ય વર્ગની યથામતિ સેવા બજાવી છે.

આ ગ્રંથ બાળ કન્યાઓથી તે અભ્યાસ પૂર્ણ થતાં સુધીની સ્ત્રીઓને સદ્‌બોધને માટે પ્રથમથીજ ઉપયોગી થશે એમ ધારી આનું નામ "**કન્યા ગરબાવળી**" રાખવામાં આવ્યું છે.

આ ટુંક મુદ્દતમાં મારો કેલવણી ખાતામાં રહી ફુરસદે કરેલો પ્રેમપૂર્વક પ્રયાસ પ્રભુ પાર પાડશે કે નહિ, એમ જાણી હું આ ગરબાવળી બનાવતાં ઘણીવાર અટકયો હોઇશ. કારણ કે આ મારૂં નીતિનું પુસ્તક છે, પણ તે કેલવણી ખાતામાં મંજુર થશે કે નહિ. એ વિચાર મને "મિથ્યા પ્રયાસ છે" એમ સુચવતો હતો. પણ મેં તો મારા મન સાથે નિશ્ચય કીધો હતો કે "પ્રયત્ને પરમેશ્વર પ્રતીત થાય છે". એ વાકય ઉપર આધાર રાખી આ લઘુ પુસ્તક યથામતિ ઇશ્વર કૃપાથી સંપૂર્ણ કીધું છે.

પુસ્તક લખનારની પંક્તિમાં પ્રયત્નથી ભળવાને આ મારૂં પહેલું પુસ્તક છે જેથી આ પુસ્તકમાં હ્રસ્વ દીર્ઘ પ્રાસાનુપ્રાસ તથા ઝડ ઝમકની ઓછી ચમક તથા લખિત દોષ વગેરેની ભૂલો કોઈ કોઈ ઠેકાણે થઇ હશે, તો તે ભૂલો મારા હોંસિલા મહેરબાનો

બતાવશે. તેમના ઉપકાર સાથે હું મારી ભૂલો કબુલ કરી ઘણી ખુશાથી હવે પછીની બીજી આવૃત્તિમાં સુધારી લેવા ચૂકીશ નહિ.

વળી પ્રભુપાસ જુગલ કર જોડી યાચું છું જે મારી આર્ય ભૂમિની સમસ્ત સુંદરીઓના અંતઃકરણમાં નીતિનાં નિર્મળ ઝરણ વડે સુનીતિનાં ગીતરૂપી બીજનું પોષણ કરી તન મનની શક્તિઓની કળીઓને પ્રફુલ્લિત કરી તેની સદ્બોધ રૂપી સુગંધ ઠામ ઠામ પ્રસરાવનારા ગ્રંથો સર્વદા પ્રકાશિત કરવા મને તથા મારા આર્ય બંધુઓને પ્રેરણા કરે. એજ મારી શુદ્ધ અંતઃકરણથી વિજ્ઞપ્તિ છે.*

આ ગરબાવળીમાં કાઠિયાવાડના મહેરબાન એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તરખડ સાહેબ બહાદુરે કરેલી સૂચના પ્રમાણે પહેલી લીટીપર તાલ પણ મૂકવામાં આવ્યા છે.

તા. ૮-૪-૧૯૦૪.

લિ. કર્તા.

---

* આ પુસ્તકમાં મહેરબાન રાજકોટ ફીમેલ ટ્રેનિંગ કૉલેજના હેડ માસ્તર માણેકલાલ નાગરદાસે કેટલોક શ્રમ લઈ બે વખત સુધારો કર્યો છે, ને કેટલીક અગત્યની સૂચનાઓ મને તેઓ સાહેબ તરફથી મળી છે. તથા ભાવનગરના રહીશ ગૃહસ્થ રા. રા. રણછોડલાલ ગુલાબરાયે પણ મને કેટલીક અગત્યની સૂચનાઓ આપી આભારી કરેલ છે. અને હડીયાણાના રહીશ અષ્ટાવધાની શીઘ્ર કવિરાજ શંભુરામ લાલજીએ પણ આ બુક તપાસી કેટલોક સુધારો કરવા ભલામણ કરી હતી ને તાલ મૂકવામાં પણ પોતે જાતે કેટલીક મહેનત લઇ આભારી કરેલ છે તો આ બાબત એ સુજ્ઞ ગૃહસ્થોનો હું સંપૂર્ણ ઉપકાર માનું છું.

લિ. કર્તા.

શ્રી

ઇશ્વર પ્રાર્થના. †

હરિગીત છંદ.

હે દેવના અધિ દેવ અરજી, સર્વ સાથે કીજીએ,
અભ્યાસનું આ નવિન ધોરણ, પ્રેમ રાખી લીજીએ;
તે નવિન ધોરણ શીખવા સદ્દબુદ્ધિ નીર નખાવજો,
રાખી કુશળ સહુ સાથને પરિપૂર્ણ સંપ રખાવજો. ૧

ઉદ્યોગ આપી અંગમાં, આળસ અમારી ટાળજો,
વિદ્યા વિષે પ્રીતિ કરાવી, સ્નેહથી સંભાળજો;
આશિષ દઇએ રાજને, જેથી થયાં જ્ઞાની અમે,
તે રાજની ચડતી કરો, એ અરજ સાંભળજો તમે. ૨

શ્રી

ઇશ્વર પ્રાર્થના.§

હરિગીત છંદ.

જગદીશ દિલમાં ધર દયા, અમ ઉપરે કરૂણા કરી,
ત્રાતા વિચારી જગતના આ, અરજ કરવા આદરી;
તું ઇશ દેજે નવિન વધતું, જ્ઞાન તુજ ભંડારથી,
જે પુસ્તકોના પાઠ પૂરા, શીખીએ ઉપકારથી. ૧

કંકાસ ને વળી કલેશ કાપો, અમતણાં કરૂણા કરી,
વિદ્યા વિવેકે શીખવા, મતિ આપજો પ્રીતિ ધરી;
પ્રેમે કરીને પ્રાર્થના, મુખેથી એવુ માગીએ,
સહુ કાજમાં કર મદદ તું, હે ઇશ પાયે લાગીએ. ૨

ભક્તિ તણી શક્તિ સદા તું, આપજે ઉરમાં વિભુ,
નિશદિન નિર્મળ પ્રેમ તારો, પામીએ જેથી પ્રભુ;
હે દીનદયાળુ ભક્તપાળુ, અતિ કૃપાળુ છો તમે,
સ્વીકારજો આ પ્રાર્થના, સ્નેહે કરી પુરી અમે. ૩

---

† વર્ગ ભરાય ત્યારે બોલાવી પાઠ શરૂ કરવા.

§ વર્ગ ભરાય ત્યારે આ કવિતા ગવરાવી પાઠ શરૂ કરવો.

લિ. કર્તા.

કન્યા ગરબાવળી.

બાળવર્ગ માટે.

ગરબી ૧ લી.

અંગ કસરત.

(કાંકરીયા ઉપરરે, નોબત વાગે છે) એ રાગ.

સખી સૌ આવો રે, કસરત કરવાને;
હારે ઉભાં રહોરે, રમત સૌ રમવાને. ૧
અવળાં ફરી સૈયરરે, ઊંચા હાથ કરો;
રાખી કર નીચારે, પગલાં ત્રણ ભરો. ૨
ડાબાં થઇ જાઓરે, સહુ બ્હેનો સાથે;
જમણાં ફરી વળતીરે, અદબ વાળો હાથે. ૩
સરખાં થઇ ઊંચોરે, જમણો હાથ કરો;
ડાબો કર ઊંચોરે, કરવા ચિત્ત ધરો. ૪
દુખડાં લઇનેરે, સૌ તાળી પાડો;
વગાડી ચપટીરે, ત્રણ પગલાં માંડો. ૫
કસરત કરી લીધીરે, બેઠક પર બેસો;
હવે હું પૂછુંરે, ઉત્તર તેનો દેશો. ૬

ગરબી ૨ જી.

રમતની.

(અચકો મચકો કારેલી) એ રાગ.

સૌ સૈયર હળીમળી આવો, આજ, સહુ સાથે કસરત કરીયે;
લઇએ રમતોનો લ્હાવો, આજ, સહુ સાથે કસરત કરીયે. ૧
સૌ સાથે બેસી જાઓ. આજ, સહુ સાથે કસરત કરીયે;
ફરી સર્વે ઊભાં થાઓ, આજ, સહુ સાથે કસરત કરીયે. ૨
ફરી જમણા બબ્બે થઇએ, આજ, સહુ સાથે કસરત કરીયે;
કર એક બીજાનો લઇએ, આજ, સહુ સાથે કસરત કરીયે. ૩
ડાબાં થઈ જુદાં પડીએ, આજ, સહુ સાથે કસરત કરીયે;
સિદ્ધાં થઈ મીઠડાં લઇએ, આજ, સહુ સાથે કસરત કરીયે. ૪
બેઠકપર બેસી જઈએ, આજ, સહુ સાથે કસરત કરીયે;
ફરી પાછાં ઊભાં થઇએ, આજ, સહુ સાથે કસરત કરીયે. ૫
ચચ્ચારની હારો ચારે, આજ, સહુ સાથે કસરત કરીયે;
તેવી ચોરસ થઇ હારે, આજ, સહુ સાથે કસરત કરીયે. ૬
ફરી ઝટ કુંડાળું વાળી, આજ, સહુ સાથે કસરત કરીયે;
કરી ચપટી કર લઇ તાળી, આજ, સહુ સાથે કસરત કરીયે. ૭
ઊંચા કર છત્રી બનાવી, આજ, સહુ સાથે કસરત કરીયે;
ફરી ગાઓ તાળી લગાવી, આજ, સહુ સાથે કસરત કરીયે. ૮
જણી બારે મહેલ બનાવો, આજ, સહુ સાથે કસરત કરીયે;
તે અંદર એક બીરાજો, આજ, સહુ સાથે કસરત કરીયે. ૯
બે દ્વાર એક કરો પેહેરો, આજ, સહુ સાથે કસરત કરીયે;
લઇને રમતની લેહેરો. આજ, સહુ સાથે કસરત કરીયે. ૧૦
થઇ જાઓ હારે સીધી, આજ, સહુ સાથે કસરત કરીયે;
રમતાં શું કસરત કીધી, આજ. સહુ સાથે કસરત કરીયે ૧૧

ગરબી ૩ જી.

રમતની.

(હું તો શિંગોડા તળાવે પાણી ગઇતીરે) એ રાગ.

આવો રમીએ રમત શાણી ભાઇરે;
કરીએ કસરત ખેલ ગીત ગાઇરે. ૧

બનો બબ્બેની સૈયર સરખી હારોરે;
ઘોડા ગાડી કેરો ખેલ કરવો સારોરે. ૨

લ.વી મસ્ત બે ઘોડાને આગે જોડોરે;
મ'ની હુકમ નક્કી હાર નહિ તોડોરે. ૩

નાનાં નાનાં રહો લગામની વચ્ચેરે;
હાંકનાર પાછળ હાંકવાને મચ્ચેરે. ૪

ઘોડા હણુ હણુ કરતા ચાલ્યા ફરવાનેરે;
આજે અમોને ખુશી કરવાનેરે, ૫

ગડગડ ગાડી ચાલે ધડબડ ચાલે ઘોડારે;
પહોંચ્યા પહોંચ્યા પણ મુકામે જઈ મોડારે.૬

ગરબી ૪ થી.

કસરત. ઘઉં વાવવાની.

(હાંહાંરે પટોળાં પાટણનાં) એ રાગ.

હાંહાંરે વાવે ઘઉં કઇ રીતે, હાંહાંરે કહું સાંભળો પ્રીતે;
હાંહાંરે ઓરણીમાં ઘઉં ઓરે, હાંહાંરે બળદ ખેંચે જોરે. ૧

હાંહાંરે ધઉં ટોપલી ભરીને, હાંહાંરે ચાસે ચાસ વેરીને;
હાંહાંરે આસો મહીનો વીતે, હાંહાંરે વાવે ધઉં એ રીતે. ૨

હાંહાંરે કુવેતર ને ચાસીયા, હાંહાંરે ઉગ્યા ધઉં ચોમાસીયા;
હાંહાંરે લાણો ધઉંની લૂંટે, હાંહાંરે વાંકા વળી આમ ચૂંટે. ૩

હાંહાંરે વાઢી ખળે લાવ્યા, હાહાંરે પછીથી કચરાવ્યા;
હાંહાંરે પછી આમ ઉપણાવ્યા, હાંહાંરે બજારે વેચાવ્યા. ૪

હાંહાંરે અમારે ઘેર લાવ્યા, હાંહાંરે સુપડલે સોવરાવ્યા;
હાંહાંરે ધઉં ઠીક મળીયા છે, હાંહાંરે ગુલાએ થોડા દળીયા છે. ૫

હાંહાંરે ઘંટી તો આમ ફેરવે, હાંહાંરે કે આંગળીને ટેરવે;
હાંહાંરે ૫ર ૫ર ૫ર લોટ પડે, હાંહાંરે કે દળતાં થાક ચડે. ૬

હાંહાંરે કણુક ગુંદી ચોળી, હાંહાંરે વણો પૂરી પોળી;
હાંહાંરે જમી આવ્યાં નિશાળે, હાંહારે વળી કહીશું કાલે. ૭

ધોરણ ૧ લા માટે.

નિશાળનું વર્ણન.

ગરબી ૧ લી.

(† અલબેલી અંબે માત, જોવાને જઇએ) એ રાગ.

ચાલો ચાલોને સૈયર આજ, ભણતર ભણુવાને;
જેથી પૂરણ થાયે કાજ, શીખીએ ગણવાને. ૧

---

† (સખી પડવેથી પહેલો દિન, નાથજી નાવ્યારે) એ રાગમાં પણ ગવાશે.

રૂડી શોભે છે સારી નિશાળ, સુખ દેવાવાળી;
જ્યાં અક્કલ મળે વિશાળ, સદ્ગુણી સારી. ૨

ગાય પ્રેમેથી રૂડાં ગીત, રાગેથી બાળા;
જેથી જ્ઞાન મળે ખચ્ચીત, સુખ સાધન સારાં. ૩

રંગ કક્કા તણા તકતાય, શોભે રૂપાળા;
જડયા લખોટા ચોકઠા માંય, ગણતી સૌ બાળા. ૪

નવા નકશા નવરંગિત, દેશો ઓળખવા;
જેમાં પૂરણ ચોંટે ચિત્ત, પ્રીતેથી શીખવા. ૫

એવી નિશાળે જાવું રોજ. મા મુજને ગમશે;
મળે જ્ઞાન સહિત વળી મોજ, મન ખુશીમાં રમશે. ૬

રૂડા મહેતાજી નિશાળમાંય, ભણતર શીખાવે;
રમાડે ભણાવે ત્યાંય, જાવું બહુ ફાવે. ૭

એવી નિશાળે મુજને મૂક, મા પાયે લાગું;
ઠીક અવસર છે નવ ચૂક, મા મુખથી માગું. ૮

મા મારા તે જેવડી ત્યાંય, ભણવાને જાયે;
જેથી મન મારૂં હરખાય, હું જાઉં ત્યાંયે. ૯

દિસે ભણ્યા વિના નરનાર, સૌ મૂરખ સરખાં;
રૂડા ભણતરમાં અપાર, મા સુખ મેં નિરખ્યાં. ૧૦

ગરબી ૨ જી.

બાળકીઓને શિખામણ.

(સુંદર બાઇ ચાલ્યાં સાસરીયે) એ રાગ.

દઉં સ્નેહ સહિત શિખામણ હું;
કહું છું તે કાને ધરજો બ્હેન, આ શિખામણ સાંભળજો.

હિત જાણો તો આળસ તજજો;
રૂડી રીતે આચરજો બ્હેન, આ શિખામણ સાંભળજો. ૧
કોઇ દિન મોંઠાઇ કે મેવા;
તે મારગમાં નવ ખાઇએ બ્હેન, આ શિખામણ સાંભળજો.
હલકાં દુનિયામાં દેખાઇએ;
તેથી ગાંડાં ગણાઈએ બ્હેન, આ શિખામણ સાંભળજો ૨
ઘરમાંથી ચોરી નવ ખાઇએ;
મોઢેથી માગી લઇએ બ્હેન, આ શિખામણ સાંભળજો.
પણ જો માતા ના પાડે તો,
રોઇને દુઃખ નવ દઇએ બ્હેન, આ શિખામણ સાંભળજો. ૩
ભાવેથી ચિત્ર ભરત શીખો;
હૈયામાં હોંસજ આણી બ્હેન, આ શિખામણ સાંભળજો.
વળી સો'તાં ઝાડકતાં શીખો;
એ કામ તમારૂં જાણી બ્હેન, આ શિખામણ સાંભળજો. ૪
વાસણ માંજીને વાપરીએ;
ગાળીને પીએ પાણી બ્હેન, આ શિખામણ સાંભળજો.
રસોઈ રૂડી રીતે શીખો;
અતિ પ્રેમ દીલમાં આણી બ્હેન, આ શિખામણ સાંભળજો. ૫
વસ્તુ સર્વે સંભાળીને;
સજ કરીએ ધરી ચોકખાઈ બ્હેન, આ શિખામણ સાંભળજો.
ગુણવંતી તો ગાફલ ન રહે;
નહિ ગમશે કંઇ ગંદાઇ બ્હેન, આ શિખામણ સાંભળજો. ૬
મેલી જગ્યામાં નવ રમીએ;
કદી વસ્ત્ર ન કરીએ મેલાં બ્હેન, આ શિખામણ સાંભળજો.
બલી નિશાળે ભણવા જાતાં;
નહિ રહીએ સૌથી છેલ્લાં બ્હેન, આ શિખામણ સાંભળજો, ૭

એમ કરશો તો આગળ જાતાં;
સર્વે ઠામે સુખ લેશો બ્હેન, આ શિખામણ સાંભળજો.
સમજો તો શિક્ષા મણિ હે છે;
વાંચીને સમજી રહેશો બ્હેન, આ શિખામણ સાંભળજો. ૮

ગરબી ૩ જી.

બાળકીઓને શિખામણ.

(મારૂં સોનાનું છે બેડું રે, છેલ છબીલા છોગાળા) એ રાગ.

શીખો સુજે શિખામણ સારીરે, લાડકડી નાની બાળા;
દિલમાં લેજો ઉતારીરે, લાડકડી નાની બાળા. ૧

શરીરે ચોકખાઈ સજજોરે, લાડકડી નાની બાળા;
ગફલત ગંદાઇ તજજોરે, લાડકડી નાની બાળા. ૨

નહિ રાખો હઠના હેવારે, લાડકડી નાની બાળા;
માબાપની કરજો સેવારે, લાડકડી નાની બાળા. ૩

નાની વય જવું નિશાળેરે, લાડકડી નાની બાળા;
તો બુદ્ધિ વધે વિશાળેરે, લાડકડી નાની બાળા. ૪

ભણજો ભણતર ભલી ભાતેરે, લાડકડી નાની બાળા;
વખણાશો જનમાં જાતેરે, લાડકડી નાની બાળા. ૫

પ્રેમેથી વાંચો નીતિરે, લાડકડી નાની બાળા;
પ્રભુપર ધરી રૂડી પ્રીતિરે લાડકડી નાની બાળા. ૬

શુભ તેથી થશે તમારૂંરે, લાડકડી નાની બાળા;
જગમાં સુખ લેશો સારૂંરે, લાડકડી નાની બાળા. ૭

નહિ લડશો તમે લડાઇરે, લાડકડી નાની બાળા;
રહેજો સંપી સહુ બાઇરે, લાડકડી નાની બાળા. ૮

ધરો હૃદે શિખામણ મારીરે, લાડકડી નાની બાળા;
લેજો ભણતર ભણનારીરે, લાડકડી નાની બાળા. ૯

ગરબી ૪ થી.

બાળકીઓનું નિત્યકર્મ.

(છૈયે ખોળામાં ઘાલી ખીચડી) એ રાગ.

વ્હેની જાગે જનો ત્યારે જાગીએ, પ્રભુ સંભારી પાયે લાગીએ;
ધીરજ ધારીને દાંતો ધોઇએ, જન જાતની રીતિ જોઇએ. ૧
પાઠ કરવાનો હોય તે કીજીએ, લખવાનું તે લખી લીજીએ;
નિર્મળ પાણીએ નાહી લહીએ, અંગ ચોળીએ ચતુરાઇએ. ૨
વસ્ત્ર ધોએલાં અંગે ધારીએ, મેલાં તે અંગેથી ઉતારીએ;
રોજ માતાની આજ્ઞા માગીએ, કામકાજ સૌ કરવા લાગીએ. ૩
જઇએ નિશાળે જમી કરી, શીખીએ ચોપડી સમી કરી;
વચન વાંચીને વિચારીએ, અર્થ અંતરમાં ઉતારીએ. ૪
નહિ કોઇને તુંકારીએ, નહિ ઉંચે સાદે ઉચારીએ;
ચોરવાનું ચિત્ત ન રાખીએ, જૂઠું જીભેથી નવ ભાખીએ. ૫
પાપથી તો પાછાં ભાગીએ, પ્રભુ પાસે વિદ્યા માગીએ;
દીધી શિખામણ સુવ્હાલની, શિક્ષા માનોને મણિલાલની. ૬

ધોરણ ૨ જા માટે.

ગરબી ૧ લી.

ઇશ્વર સ્તુતિ.

(મામેરૂં મોંઘા મૂલનું) એ રાગ.

સૂતાં ઊઠી સવારે પ્રભુ ભજો;
કરવી પ્રાર્થના તેની હમેશ, નમો જગદીશને.

મહિમા મોટો તેનો મન લેખીએ;
ધ્યાન ધરતાં બુદ્ધિ મળે બેશ, નમો જગદીશને. ૧
જેણે સ્હેજે જગત સરજ્યું બધું;
વળી સરજ્યા છે સુરજ ચંદ, નમો જગદીશને.
રોજ ઝગમગતા તારા જોઇને;
થાય મનમાં અતિશે આનંદ, નમો જગદીશને. ૨
પૃથ્વી પાણી સાગર સૌ તેણે કર્યાં;
પશુ પ્રાણીઓને મોટા પહાડ, નમો જગદીશને.
ધાતુ માત્ર બનાવી છે ભોંયમાં;
કીધાં નાનાં મોટાં ઘણાં ઝાડ, નમો જગદીશને. ૩
સર્વે વસ્તુ બનાવી તે જાણવા;
આપી આપણને બુદ્ધિ અનુપ, નમો જગદીશને.
એ તો સૃષ્ટિ સકળનો નાથ છે;
એ તો સર્વ કળાનો છે ભૂપ, નમો જગદીશને. ૪
એને કોની તે ઉપમા આપીએ;
એ તો પોતે પોતાને તુલ્ય, નમો જગદીશને.
ભજે બીજાને ભાવ ધરી ભોળા;
એ તો તેની ગણો મોટી ભૂલ, નમો જગદીશને. ૫
સહુનો કરતા ને હરતા એ સ્વામી છે;
તેનાં નામ ને રૂપ અનેક, નમો જગદીશને.
જુદી રીતે ભજે જનો તેહને;
હોય જેનામાં જેવો વિવેક, નમો જગદીશને. ૬
રાજી રાજી પ્રભુજીને રાખવા;
દયા રાખી કરો શુભ કામ, નમો જગદીશને.
તેની બીક રાખી પાપ નવ કરો;
એ તો જોઇ રહ્યો ઠામો ઠામ, નમો જગદીશને. ૭

ઐથી કંઇએ અજાણ્યું ન અવનીમાં;
ઉરમાં સમજે છે તે તો તમામ. નમો જગદીશને.
પ્રભુ ચિંતામણી ફળ ચિંતવ્યું;
આપે જશ અન્ન વસ્ત્ર ને દામ, નમો જગદીશને. ૮

ગરબી ૨ જી.

નિત્યકર્મ વિષે.

(ચાલો તમે ચાલ ઘણી રૂડી) એ રાગ.

બ્હેનો તમે કેળવણી લેજો; ટેક.
ભણી ગણી દુર્ગુણ તજી દેજો. બ્હેનો૦ ૧
કેળવણીમાં સદ્ગુણ મેળવણી;
રાખો તો વધે બમણી ત્રમણી. બ્હેનો૦ ૨
ભલી નિશાળે ભણવા જાવું;
વાટે ચાલતાં ખાવું નહિ ખાવું. બ્હેનો૦ ૩
વ્હેલાં ઊઠી દાતણ તો કરવું;
પ્રભુ ભજી પાપ થકી ડરવું. બ્હેનો૦ ૪
પાટી ખડીઓ લેખણ ને પેનો;
સાથે નિશાળે લઈ જવું બ્હેનો. બ્હેનો૦ ૫
રસ્તે જાતાં ક્યાંયે રોકાવું નહિ
જાવું બ્હાર તો માને જાવું કહી. બ્હેનો૦ ૬
નિશાળે જઈ નંબરે બેસો;
દિસે ડહાપણદાર જરૂર થશો. બ્હેનો૦ ૭

૨૯-૩૩

નિશાળે જઇને ગુરૂને નમવું;
ભણવું ચિત્ત ચોડી, નહિ રમવું. બ્હેનો૦ ૮

સહુ સખી સંપી જંપી રહેજો;
વિચારીને પાઠ વાંચી લેજો. બ્હેનો૦ ૯

શરીર લૂગડાં ચોકખાં રાખો;
અમૂલ્ય વખત ખોઈ નવ નાંખો. બ્હેનો૦ ૧૦

ચોરી ચાડી કોઇની નહિ કરવી;
વાતો નમ્ર વિવેકે ઉચરવી. બ્હેનો૦ ૧૧

નઠારી સોબત કદી નહિ કરવી;
નઠારાં ગીતો નિંદા પરહરવી. બ્હેનો૦ ૧૨

પ્રમાણિકતા પરીક્ષામાં ધરો;
ભણતાં લખતાં વાત રમત ન કરો. બ્હેનો૦ ૧૩

પુસ્તક પાટી રાખો સંભાળી;
ડાઘા પાડી કરવી નહિ કાળી. બ્હેનો૦ ૧૪

ધરી રાખો સાર ગ્રહણ રીતિ;
પૂરી રાખી ભણતરપર પ્રીતિ. બ્હેનો૦ ૧૫

વળી માત તાત ગુરૂ ભકિત;
મણિ બની વધશે સારી શકિત. બ્હેનો૦ ૧૬

ગરબી ૩ જી.

સીવણ શીખવા વિષે.

(બાળા દેખાડ દેખાડ તારો વૈકુંઠપતિ) એ રાગ.

ચાલો ચાલો સખી સીવણ કરીએ,
સોય દોરા ગજ કાતર હુન્નર ધરીએ; ચાલો૦ ટેક

દોરો સોયમાં પરોવી ટાંકા લઈએ,
વળી કોર ઉપર બખીઓ દઈએ;
ભરીયે ભરતો ફુલ ચીતરીએ. ચાલો૦ ૧

ગુંથણુ ગમ પડતું ગણી કરીએ,
સોયા બે કરમાં બે ધરીએ;
ટાંકો લેતાં સંભાળ ઘણી કરીએ. ચાલો૦ ૨

ગુંથો ઝબલું મોજા ને ટોપી,
ગુંથો ગળપટ્ટા ગળે આરોપી;
ફુલ ઝાડ બનાવો બુટ્ટા રોપી, ચાલો૦ ૩

શીખો ચીતર ચીતરવાને,
ઊન કર લઈ કેનવાસ ભરવાને;
શીખો હુન્નર કારીગીરી કરવાને. ચાલો૦ ૪

સીવો અંગરખો કમખો ચિત્ત દઈ,
વેતરવાની ખુબી ધ્યાને લઈ;
છુટા કડકા સોયે જોડી દઈ. ચાલો૦ ૫

ચોળી બંડી કબજા સારા,
શીખો સીવણુ ઘાઘરા ઘેરાળા;
એ કામ તમારૂં છે સુઘડ બાળા. ચાલો૦ ૬

આજ સીવણુ ગુંથણુ બહુ શીખ્યાં,
જેથી મન સહુનાં બહુ હરખ્યાં;
મણિ ભણતરમાં ગુણ શુભ નિરખ્યા. ચાલો૦ ૭

ગરબી ૪ થી.

સંગ્રહ કરનારી કીડી.

(મારૂં સોનાનું છે બેડુંરે, છેલ છબીલા છોગાળા) એ રાગ.

સખી જો આ કેવી દોડેરે, સંગ્રહ કરનારી કીડી;
કરી ભેગું કોડે કોડેરે, સંગ્રહ કરનારી કીડી. ૧
નથી જરા આળસુ ફેલીરે, સંગ્રહ કરનારી કીડી;
સંપીને રહે સહુ ભેળીરે, સંગ્રહ કરનારી કીડી. ૨
નથી કલેશ કરીને વઢતીરે, સંગ્રહ કરનારી કીડી;
માટીનાં ઘર ઠીક મઢતીરે, સંગ્રહ કરનારી કીડી. ૩
છે જાત બધામાં નબળીરે, સંગ્રહ કરનારી કીડી;
પણ સંગ્રહ કરવે સબળીરે, સંગ્રહ કરનારી કીડી. ૪
કણથી કોઠારો ભરતીરે, સંગ્રહ કરનારી કીડી;
સૌ હળી મળી સંપી ફરતીરે, સંગ્રહ કરનારી કીડી. ૫
શિખામણ સહુને દેતીરે, સંગ્રહ કરનારી કીડી;
રહો સંપી સહુને કહેતીરે, સંગ્રહ કરનારી કીડી. ૬
ઉદ્યોગી રહો જન સર્વેરે, સંગ્રહ કરનારી કીડી;
નહિ ખુઓ વખત કોઇ ગર્વેરે, સંગ્રહ કરનારી કીડી. ૭
ધરી રીત કીડીના જેવીરે, સંગ્રહ કરનારી કીડી;
ધન સચય રીતિ તેવીરે, સંગ્રહ કરનારી કીડી. ૮
કણ કણથી ધન મેળવાશેરે, સંગ્રહ કરનારી કીડી;
ક્ષણ ક્ષણથી પંડિત થાશેરે, સંગ્રહ કરનારી કીડી. ૯
ટીપે ટીપે સરો ભરાશેરે, સંગ્રહ કરનારી કીડી;
બહુ વખતે સંગ્રહ થાશેરે, સંગ્રહ કરનારી કીડી, ૧૦
રહો સકળ કીડીની રાતેરે, સંગ્રહ કરનારી કીડી;
મણિશંકર કહે છે પ્રાતેરે, સંગ્રહ કરનારી કીડી. ૧૧

ગરબી ૫ મી.

નિશાળેથી ઘેર જતાં શિખામણ.

(મામેરૂં મોંઘા મૂલનું) એ રાગ.

સુણો સૈયર વખત પૂરો થયો;
હવે જાશું આપણ સહુ ઘેર, કાલે વ્હેલાં આવજો.
તમને કામ કાલે જો આવી પડે;
રજા માગજો રૂડી પેર, કાલે વ્હેલાં આવજો. ૧
રસ્તે જાતાં રઝળશો નહિ તમે;
વાટે ચાલતાં રાખો સંભાળ, કાલે વ્હેલાં આવજો.
ખોટો વાદ કો સાથે ન કીજીએ;
દઇએ નહિ મુખથી કોને ગાળ, કાલે વ્હેલાં આવજો. ૨
પાટી પેનને ખડીઓ લાવજો;
ભૂલશો નહિ ચોપડી ઘેર, કાલે વ્હેલાં આવજો.
રજા માગી માતાજીની પ્રીતથી;
રમવા જાજો તમે ભલી પેર, કાલે વ્હેલા આવજો. ૩
રૂડી રમત રમી વ્હેલાં આવજો;
રાતે નીકળશો નહિ બહાર, કાલે વ્હેલાં આવજો.
ઘેર પાઠ સહુ કરી લાવજો;
લખજો લખવાના વિચાર, કાલે વ્હેલાં આવજો. ૪
કરજો આળસ સૌ અળગું તમે;
લેજો ભણતર ભણીને સાર, કાલે વ્હેલાં આવજો.
માથું સાફ કરો ગુંથી આવજો;
ફૂવડ થાશો નહિજ લગાર, કાલે વ્હેલાં આવજો. ૫
ખાઇ પીને નિશાળમાં આવજો;
વાટે કરવો વિરામ ન કયાંઇ, કાલે વ્હેલાં આવજો.
લૂગડાં કપડાં ચોકખાં ડાંને પહેરવાં;

સર્વે વાતે શીખોને ચોકખાઇ, કાલે વ્હેલાં આવજો. ૬

મેલાં હાથ પાટી પોથી નવ કરો;
વાત કરશો માં નિશાળમાંય, કાલે વ્હેલાં આવજો.
શિક્ષા માનીએ પ્રીતે ગુરૂજીની;
જેથી સુધરીને સારાં થવાય, કાલે વ્હેલાં આવજો. ૭

ધોરણ ત્રીજું ભણનારીઓને સારૂ.

ગરબી ૧ લી.

ક્રોધ તજવા વિષે શિખામણ.

(સુંદર બાઇ ચાલ્યાં સાસરીયે) એ રાગ.

સુણજો શિખામણ સહુ બ્હેનો;
કદી ક્રોધ તમે નવ કરશો બ્હેન, ક્રોધે કામો કથળે છે. ટેક.
નહિ કર્યાનાં કૃત્ય કરાવે છે;
એ વાત હૃદયમાં ધરશો બ્હેન, ક્રોધે કામો કથળે છે. ૧

જો ક્રોધ તમે અંતર ધરશો;
કુળ ભૂષણ લજ્જા ખોશો બ્હેન, ક્રોધે કામો કથળે છે.
વિખવાદ પડાવે વહાલામાં;
ક્રોધે પાછળથી રોશો બ્હેન, ક્રોધે કામો કથળે છે. ૨

ક્રોધેથી કૃત્ય થશે કૂડાં;
તેની ગમ જરી નહિ જોશો બ્હેન ક્રોધે કામો કથળે છે.
ડાહાપણને ઊંધું વાળે છે;

સદ્બુદ્ધિને કયમ †દો'શો બ્હેન; ક્રોધે કામો કથળે છે. ૩

શાંતિને શોધી તે લે છે;
વિવેક વિખેરી નાંખે બ્હેન, ક્રોધે કામો કથળે છે.

કીર્તિને કલંકી ક્રોધ કરે;
વાણીમાં વિખને દાખે બ્હેન, ક્રોધે કામો કથળે છે. ૪

સંતોષ તણી જડ ઊખેડે;
સદ્ વિદ્યાને સોસાવે બ્હેન, ક્રોધે કામો કથળે છે.

જગમાં શત્રુ ઊભા કરશે;
જેથી નિદ્રા નહિ આવે બ્હેન, ક્રોધે કામો કથળે છે. ૫

તે સંપ મૂળને છેદે છે;
કુસંપને ગાદી સોંપે બ્હેન, ક્રોધે કામો કથળે છે.

કદી કીરતારે એને સરજ્યો;
પર દુઃખ ઉપયોગે આપે બ્હેન, ક્રોધે કામો કથળે છે. ૬

કુલટા સ્ત્રી ક્રોધજ સંઘરશે;
સમજુ સ્ત્રી તેને તજશે બ્હેન, ક્રોધે કામો કથળે છે.

ક્રોધે કમળાપતિ કોપે છે;
સહુ વ્હાલાં વેરી સમજશે બ્હેન, ક્રોધે કામો કથળે છે. ૭

ક્રોધેથી કૈનાં કુળ ગયાં;
તજી સંપ વધાર્યો કુસંપ બ્હેન, ધે કામો કથળે છે.

ક્રોધેથી પ્રીતિ નહિ રહેશે;
નહિ રહે સાથમાં સુસંપ બ્હેન, ક્રોધે કામો કથળે છે. ૮

માટે આ વચનજ ધ્યાન ધરો;
તજી ક્રોધ ક્ષમા દિલ ધરશો બ્હેન, ક્રોધે કામો કથળે છે.

---

† દોહન કરવું.

મણિશંકરના અમૃત વચનો;
દિલ ધરતાં ભવજળ તરશો બ્હેન, ક્રોધે કામો કથજો છે. ૯

ગરબી ૨ જી.

બાગનું વર્ણન. ભાગ ૧ લો.

(રૂડો રૂડો મુલક ગુજરાત રૂડો) એ રાગ.

ચાલો ચાલો બ્હેનો બાગમાં જઇએ;
ફુલ ગુલાબ મોગરો જુઇ લઇએ. ૧
ચતુર ચંપો ને પોયણી બહુ ફુલી,
ફુલ રંગ બેરંગી છે અમૂલી. ૨
ફુલ ઝાડ અમથાં ફુલે,
જોતાં ફળનું કાંઇ થાય નહિ મુલે. ૩
જુઓ જુઓ આ કદળી બહુ સારી,
સદ્‌ગુણી રૂપાળી છે ભારી. ૪
જુઓ દાડમડી કેવી શોભે,
ફળ જોતાં લેવાને મન લોભે. ૫
શોભે સીતાફળી બહુ ગુણવંતી,
બાગ સારો બન્યો રખવાળ ખંતી. ૬
જુઓ રીસામણીનો છોડ કેવો,
દિસે અતિ રીસાળ ગુણ નામ જેવો. ૭
જુઓ જુઓ ઊભેલી એરંડી,
ગુણ સારા લેવામાં છે ગંડી. ૮
જુઓ શેરડી સૈયર તેની છે,
પણ કિમત વધારે કેની છે. ૯

ગુણ એરંડીએ શેરડીનો નવ લીધો,
ભલે મેળાપ શેરડીનો કીધો. ૧૦
દિસે સુખડ જાત કેવી સારી,
અતિ સદ્દગુણ તેહમાં છે ભરી. ૧૧
ફળ ફુલ કદી દેતીજ નથી,
ઘણી મોટી સુવાસનો ગુણ જેથી. ૧૨
ભલે તેને વાઢી કાપી બાળે,
પણ તેની સુગંધ તે નવ ખાળે. ૧૩
જેમ જેમ કાયા તેની બાળે,
તેમ તેમ સુગંધી તે આલે. ૧૪
અપકાર ઉપર ઉપકાર કરે,
જેથી માણસ તેને શિર ધરે. ૧૫
જુઓ નાગર વેલી કેવી છે,
નૂર મુખનું વધારે એવી છે. ૧૬
નથી ફળ કે ફુલ તેમાં કાંઇ,
એવા ગુણે ધરે જન મુખ માંહી. ૧૭

ગરબી ૩ જી.

બાગનું વર્ણન. ભાગ ૨ જો.

રાગ ઉપર પ્રમાણે.

જુઓ જુઓ કપાસનો છોડ સારો;
દિસે નાનો પણ જગને ઢાંકનારો. ૧

તેના વિના માણસને નવ ચાલે,
તે થકી જન જગમાં મોજ મ્હાલે. ૨

ઘણાં મુલદાર વસ્ત્ર બને તેનાં,
થઇ કાગળ ખબર દે છેટેના. ૩
જુઓ જુઓ આ વડનાં ઝાડ મોટાં,
ફળ તેનાં જેવાં નહિ છે છોટાં. ૪
ધન્ય તેની પુત્રિ વડવાઇને,
દીધો આશ્રય પિતા ભાઇને, ૫
કેક સદ્દગુણી દુર્ગુણી ઝાડો,
છે બાગને ફરતી ફૂલ વાડો. ૬
ચોફેર છે માંડવા દ્રાખ તણા,
તેની મધુરતામાં નહિજ મણા. ૭
ઝાડ તાડી ને તાડ ખજુરી છે,
તેની રીતભાત સર્વે બુરી છે. ૮
કોઈ જનો તેથી સુખ નવ પામે,
તેનો દિવાનો સુત દારૂ નામે. ૯
જુઓ ખસખસના છે છોડ ઘણા,
તેના કેફ ને ઝેરમાં નહિ મણા. ૧૦
જુઓ ધંતુરો ફુલવંતો દિસે,
રહ્યું વિખજ તેનાં ફળ વિષે. ૧૧
છોડ જુઓને ગાંજાનો રૂડો,
પણ તેમાં રહ્યો કેફ ગુણ કુડો. ૧૨
જુઓ જુઓ બજરના રોપ ઊગે,
કોઈ ચાવે પીએ ને ખુબ સુંઘે. ૧૩
કુડી કુડી બજર પણ છે કુડી,
નથી એના જેવી જગમાં ભૂંડી. ૧૪
તેમ સંસાર બાગ તપાસી જુઓ,
કોઈ ભૂંડો ભલો ને જીવતે મુઓ. ૧૫

જેના ઉત્તમ કામમાં નહિ ખામી,
જેની કીર્તિ જગતમાં બહુ જામી. ૧૬

માટે વ્હેનો ભાઇઓ કહું છું પ્રીતે,
રહે કીર્તિ અચળ રહો એ રીતે. ૧૭

દુર્ગુણ તજી સદ્‌ગુણ લહો,
જેથી આ ભવ બાગમાં સુખી રહો. ૧૮

મણિશંકરની વિનંતિ ધ્યાન ધરો.
ભજી ઇશ્વરને સંસાર તરો. ૧૯

ગરબી ૪ થી.

શિખામણ.

(મામેરૂં મોંઘા મૂલનું) એ રાગ.

સુણો શાણી સખી શિખામણ દઉં;
હેતે ભણાવું વિદ્યા હું સાર, ભણતર ભણો ભાવથી.
જેથી સુખિયાં થશો સંસારમાં;
શીખો વચન વિવેક વિચાર, ભણતર ભણો ભાવથી. ૧

રૂડા આંક શીખો રાખી પ્રેમને;
જેથી લેખાં જલદી કરાય, ભણતર ભણો ભાવથી.
રૂડા બાવન અક્ષર શીખવું;
જેથી પુસ્તક પૂર્ણ પઢાય, ભણતર ભણો ભાવથી. ૨

તમે તાત તણું માન રાખજો;
વળી માતાને લાગજો પાય, ભણતર ભણો ભાવથી.
દુઃખ દુર્બલને દેશો નહિ;

કરો સુકૃત રહી જગ માંય, ભણતર ભણો ભાવથી. ૩
ચોરી ચાડીને જુઠું ત્યાગીએ;
કદી કરીએ નહિ બહુ હાસ્ય, ભણતર ભણો ભાવથી.
તેમ પંચ તણા પરોઆણુમાં;
નેઆ વિણ જાવું નવ એ અવાસ,ભણતર ભણો ભાવથી ૪
કદી રમતાં તે રીસ ન કીજીએ;
ખોટી કરીએ ન પર પંચાત, ભણતર ભણો ભાવથી.
જમતાં બહુ જોર ન કીજીએ;
પ્રીતે ભાવતો લીજે ભાત, ભણતર ભણો ભાવથી. ૫
અજાણી વસ્તુ કદી નવ ખાઇએ;
ઘડીએ નહિ અઘટીત ઘાટ, ભણતર ભણો ભાવથી.
કદી હોડ કોથી કરીએ નહિ;
નવ ચાલીએ ઉજડ વાટ, ભણતર ભણો ભાવથી. ૬
ગીતો વાત કથા સંવાદમાં;
વચ્ચે નવ કરીએ કાંઇ વાત, ભણતર ભણો ભાવથી.
રોજ ઉદ્યમ પ્રીતથી કીજીએ;
જેથી તન મન રહે રળિયાત, ભણતર ભણો ભાવથી. ૭
કદી એકલાં ગામ ન ચાલીએ;
પડે કામ કદી જો કોટ, ભણતર ભણો ભાવથી.
લીધું દીધું લખીને રાખીએ;
જેથી ખાતે ન આવે ખોટ, ભણતર ભણો ભાવથી- ૮
મોઢે આપ વખાણ ન બોલીએ;
ધારીએ નિત પોતાનો ધર્મ, ભણતર ભણો ભાવથી.
કદી કોઇને દોષ ન દીજીએ;
કીજે આપણું હોય જે કર્મ, ભણતર ભણો ભાવથી. ૯
નિત્ય પ્રભુની સેવા કીજીએ;
ભક્તિથી થવું તેહને શર્ણું, ભણતર ભણો ભાવથી.

*પરભાતે તમે નવ પોઢશો;
રહી નવરાં ન તોડીએ તર્ણું, ભણતર ભણો ભાવથી. ૧૦
મન નિર્મળ નીતિથી માંજવું;
જેમ ઠામ ઉજળાવે છે રાખ, ભણતર ભણો ભાવથી.
કોમળ બાળા શિક્ષા મણિલાલની;
હૃદે રાખો ધરી અભિલાખ,† ભણતર ભણો ભાવથી. ૧૧

ધોરણ ૪થું ભણનારીઓને સારૂ.

ગરબી ૧ લી.

ઇશ્વર સ્તુતિ.

(અંબા માતની ગરબડીરે) એ રાગ.

કરીયે ઇશ્વર ઉપાસનારે;
ધરીયે હૃદયમાં નિત ધ્યાનરે, કરીયે ઇશ્વર ઉપાસનારે.
જેણે પૃથ્વી વાયુ બનાવિયાંરે;
છે કળવંતો તે બળવાનરે, કરીયે ઇશ્વર ઉપાસનારે ૧
કર જોડી વંદું હું તેહનેરે;
માગું સદ્વિદ્યા સુ જ્ઞાનરે, કરીયે ઇશ્વર ઉપાસનારે.
સુરજ ચંદ્રને તારા ઘણારે;
કીધા પ્રકાશનો ‡પ્રમાનરે, કરીયે ઇશ્વર ઉપાસનારે ૨
જળ થળ ચૈતન્ય કીધું બધુંરે;

---

* પ્રભાતે † અભિલાષ.

‡ પ્રમાણ = નિયમ = હદ.

કીધા મોટા પર્વત સારરે, કરીયે ઈશ્વર ઉપાસનારે.
પલમાં જીવન આપે જગતનેરે;
પલમાં કરે સર્વ સંહારરે, કરીયે ઈશ્વર ઉપાસનારે. ૩
જે છે અખંડને અવિનાશીરે;
જેનાં અકળિત દિસે કામરે, કરીયે ઈશ્વર ઉપાસનારે.
જપ તપ ધ્યાનમાં આવે નહિરે;
તેનું હ્રદયે ધરિયે નામરે, કરીયે ઈશ્વર ઉપાસનારે. ૪
માગું કર જોડી તેની કનેરે;
દેજો સુમતિ સુજશ સારરે, કરીયે ઈશ્વર ઉપાસનારે.
મારૂં નિર્મળ મન રખાવજોરે;
દુઃખ કાપી સુખ દ્યો આ વારરે, કરીયે ઈશ્વર ઉપાસનારે. ૫
રાખો કુશળ સર્વે સાથનેરે;
દેજો સંપ સુ લક્ષણ સારરે, કરીયે ઈશ્વર ઉપાસનારે.
કુશળ રાખો મારા તાતનેરે;
રાખો કુશળ કુટુંબ પરિવારરે, કરીયે ઈશ્વર ઉપાસનારે. ૬
રહેમ નજર રાખો સહુ ઉપરેરે;
તમ કરૂણાએ રહીએ ક્ષેમરે, કરીયે ઈશ્વર ઉપાસનારે,
રાખો સંતોષી અમ બાળનેરે;
રખાવો નીતિ કેરા નેમરે, કરીયે ઈશ્વર ઉપાસનારે. ૭
કાપો કુબુદ્ધિ કુચાલનેરે;
જેથી થાયે નિત કલ્યાણરે, કરીયે ઈશ્વર ઉપાસનારે.
કાપો મોહ અને અહંકારનેરે;
આપો અમૃત સરખી વાણરે, કરીયે ઈશ્વર ઉપાસનારે. ૮
માગું માયાળુ સ્વભાવનેરે;
છે જેથી જગમાં નિભાવરે, કરીયે ઈશ્વર ઉપાસનારે.
કામ ક્રોધ મદ લોભનારે;
ટાળો ચોરી ચાડી સાવરે, કરીયે ઈશ્વર ઉપાસનારે. ૯

જડ મૂળથી જુદું ટાળજોરે;
દ્યો સાચું બોલ્યાની ટેવરે, કરીયે ઈશ્વર ઉપાસનારે.
સૌભાગ્ય અખંડ વધારજોરે;
દેજો માત તાતની સેવરે, કરીયે ઈશ્વર ઉપાસનારે. ૧૦

અન્ન ધન વસ્ત્રને આબરૂરે;
દેજો વ્હાલા મારા તાતરે, કરીયે ઇશ્વર ઉપાસનારે.
મણિલાલે જે માગ્યું ઇશ્વરારે;
તે તે દેજે તું સાક્ષાતરે, કરીયે ઈશ્વર ઉપાસનારે. ૧૧

ગરબી ૨ જી.

સારી શિખામણ.

(હુંતો શિંગોડા તળાવે પાણી ગઈતીરે) એ રાગ.

મારી શિખામણ ધ્યાન ધરો બ્હેનોરે;
ઘણો મહિમા જગતમાં જેનોરે, ૧
મહા સતી કેરા મતમાંહી ભળજોરે;
ખરાં થઈને વચને તમે પળજોરે. ૨
સદા સમજીને સ્વચ્છ મન રાખોરે;
પ્રીતે પ્રભુ કેરૂં નામ મુખે ભાખોરે. ૩
લંક લુંટવાનો લોભ નવ કરીએરે;
સંતોષ સદાય મન ધરીએરે. ૪
સંપી જંપીને નિભાવો ઘર બારરે;
તજો કડું વેણુ દ્વેષ અહંકારરે. ૫
હળીમળી રહો પ્રીતે સહુ સાથેરે;
ધીરે સહો જે હોય દુઃખ માથેરે. ૬
દુઃખ પરઘેર પોતાનું ન દાખોરે,

પ્રેમે પતિવ્રત અંતરમાં રાખોરે. ૭

ખોટી ટાપ ટીપ કેરી ટેવ ટાળોરે;
રૂડી રાખી રીત ખોટી ચાલ ખાળોરે. ૮
પોતે ભણીને બીજીઓને ભણાવોરે;
વાંચી જ્ઞાન કેરા ગ્રંથ લીઓ લ્હાવોરે. ૯
લેશ લાવો નહિ આળસ અંગેરે;
કરીએ કાજ સહુ મન ઉછરંગેરે. ૧૦
પોતે સુધરી બીજીઓને સુધારોરે;
જીભે વિવેકનો બોલ ધરો સારોરે. ૧૧
રાખો ચંચળતા ચિત્તમાં ચાતુરીરે;
કદી ક્રોધે નહિ બોલો વાત બુરીરે. ૧૨
પ્રીતે પાજો પીજો પ્રીતિ રસ પાનરે;
શીયળ સદ્‌ગુણ ધરી મન જ્ઞાનરે. ૧૩
સાસુ સસરાની સેવા કરો પ્રીતેરે;
તેના આશિર્વાદે સુખી રે'શો નિત્યેરે. ૧૪
ભંગ ભરથારનું વેણ નહિ કરશોરે;
પ્રિય લેખો તમે નિજ પ્રાણ સરખોરે. ૧૫
વૃદ્ધ સાથે કદી વાદ નહિ કીજેરે;
મોટા જનની મર્યાદ રાખી લીજેરે. ૧૬
ગાજો પ્રભુ કેરાં ગીત સહુ પ્રીતેરે;
પ્રભુ પતિ કેરી ભક્તિ કરો નિત્યેરે. ૧૭
ઈશ નથી દૂર તમથી કયાંયેરે;
પ્રેમ ભક્તિ થકી જોશો મન માંયેરે. ૧૮
લાખો લેખે અભિલાખ પ્રભુ પુરેરે;
પ્રભુ ચિંતા તમારી સહુ ચૂરેરે. ૧૯
જેથી ધન ધાન્ય સનમાન પામોરે;
પ્રભુ સેવાથી દુ:ખ સહુ વામોરે. ૨૦

કોડ મળે સ્વર્ગનું સુખ જાણોરે;
મણિશંકરનું વચન પ્રમાણોરે. ૨૧

ગરબી ૩ જી.

વિદ્યારૂપી વેલી.

(વનમાં આસોપાલવનાં ઝાડ કદમ કેરી છાયારે) એ રાગ.

બ્હેની હિત શિખામણ આજ, કહું ધ્યાને ધરજોરે;
સદ્ વિદ્યા ભણવા કાજ, અતિ યત્ન કરજોરે. ૧
સદ્ વિદ્યા રૂપી વેલી, સુર તરૂ સમ ફળશેરે;
ભણજો પ્રેમે સહુ મન મેલી, ઉત્તમ ફળ મળશેરે. ૨
તે છે દોલતની દાતાર, પ્રતાપી તે વેલીરે,
પામી વિશ્વ વિષે વિસ્તાર, સર્વે થઇ પે'લીરે. ૩
તેની ચંદ્ર રવિ સુધી છાંય રોકી મહી ઝાઝીરે,
તેનો પેસાર પાતાળ માંય, ડાળો ઝાઝી બાઝીરે, ૪
જન મનમાં તેનું મૂળ, શોધી જોતાં જડશેરે,
તેનાં સુગંધીમય ફુલ, ફળ અમૃત ઝરશેરે ૫
ઉત્તમ રસ એ ફળની માંય, લહે જન પ્રીતેરે;
સુખ પામે તે જ્યાં જન જાય, આનંદની રીતેરે. ૬
તેનું પ્રીતે જે કરશે પાન, ઇશ્વર પદ જાણેરે;
જાણે પૂરણ બ્રહ્મનું સ્થાન, પડે સુખ ખાણેરે. ૭
જેથી પૂજાયે દ્વારોદ્વાર, ઘણું માન પામેરે:
જે છે સજ્જનનો શણગાર, બધાં દુઃખ વામેરે. ૮
રહે જે જન તેથી દૂર, પશુવત તે છેરે;

એની ફોગટ જીંદગી ક્રૂર પંડિત સહુ કે'છેરે. ૯
રહી સંકટમાં તે સાથ. વિઘ્ન વન બાળેરે;
વળી નોધારાનો ગ્રહી હાથ, પુરી રીતે પાળેરે. ૧૦
તેની શીતળ રૂડી છાંય, તળે જે બેસેરે;
તેની સેવાએ જડવૃત્તિ જાય, સુબુદ્ધિ લેશેરે. ૧૧
શીલ સંતોષ દયા વિવેક, ક્ષમા ને શમતારે;
ધર્મ આદિ ગુણ અનેક, રૂપી ફૂલ ગમતાંરે. ૧૨
જે ફૂલો અમૂલ્ય સુવાસથી, દિન દિન ફૂલેરે;
જેની સુવાસ કરી આશથી, સજ્જન ઝૂલેરે. ૧૩
એવી દેવ લતાની સેવ, કરો સહુ પ્રીતેરે;
માણુને વિદ્યાભ્યાસની ટેવ, આપો પ્રભુ નિત્યેરે. ૧૪

ગરબો ૪ થો.

સંપ રાખવા વિષે.

(સુણો શામળા હું તમ માટે ઘેલી થઇ જો) એ રાગ.

બ્હેનો સંપીને સુખી રહો આનંદમાં જો; ટેક.
જેથી સાહ્ય મળે વિકટ ભવ ફંદમાં જો. બ્હેનો૦ ૧
તજી ક્રોધને ક્ષમા દિલે સહુ ધરો જો;
અદેખાઇ અહંકાર મદ પરહરો જો. બ્હેનો૦ ૨
સંપે સંપત્તિ પુરી તમોને સાંપડે જો;
જેથી જગત મધ્ય આબરૂ ઘણી જડે જો. બ્હેનો૦ ૩
તજીને કુસંપ સંપ તમે સેવશો જો;
તેથી પ્રમાણિક નમ્ર તમે તો થશો જો. બ્હેનો૦ ૪

કોઈ સાથ કદિ ક્લેશ લેશ નહી કરો જો,
નક્કી જગતમાં સુખી થઇ તમે ફરો જો. બ્હેનો૦ ૫
ધરી પ્રેમ કરો સંપ સહુ સાથમાં જો,
ચેતો ચેતો હજી બાજી તમ હાથમાં જો. બ્હેનો૦ ૬
કદી કુસંપેથી કૃત્ય સારૂ નહિ થશે જો,
થશે જગત મધ્ય હાંસી આબરૂ જશે જો. બ્હેનો૦ ૭
કળાવાન પણ કુસંપથી ન ફાવીયા જો,
બળહીણ પણ સંપે બચાવીયા જો. બ્હેનો૦ ૮
ગયાં રાજ કૌવતવાનનાં કુસંપથી જો,
વધ્યા વેરી જેથી સૂતા નહિ જંપથી જો. બ્હેનો૦ ૯
ખોળ કરી ઇતિહાસને જુઓ તમે જો,
જબર રાજ હોય પણ કુસંપ તો દમે જો. બ્હેનો૦ ૧૦
જેહ ધર વિષે કુસંપ વાધ્યો ઘણો જો,
ધર તેહનું સ્મશાન તુલ્યમાં ગણો જો. બ્હેનો૦ ૧૧
જુઓ પશુવત્ કીડી સંપને સજે જો,
પ્રાણ જાય તોય સંપને નહિ તજે જો. બ્હેનો૦ ૧૨
જુઓ જુઓ દેશીઓ નજર કરી ઘણી જો,
કરી છે દશા કુડી કુસંપે આપણી જો. બ્હેનો૦ ૧૩
કરી કુળમાં કુસંપ પાંડુ વન ગયા જો,
મટયો સંપ જેથી રામ વનમાં રહ્યા જો. બ્હેનો૦ ૧૪
જાદવ કુળ સંપ તજવા થકી ગયું જો,
પાયમાલ પૃથુ કેરૂં રાજ તો થયું જો. બ્હેનો૦ ૧૫
ભરતખંડને ભિખારી કુસંપે કર્યો જો,
જુઓ અંગ્રેજોએ સંપ કેવો આદર્યો જો. બ્હેનો૦ ૧૬
માટે ચેતો ચેતો બાઈ ભાઈ સર્વદા જો,
થશે સંપ થકી દૂર સર્વ આપદા જો. બ્હેનો૦ ૧૭

જુઓ જુઓને કુસંપ છે કુલક્ષણો જો,
તજી ક્લેશ સજો સંપ થશે રક્ષણો જો. બ્હેનો૦ ૧૮
ખાર ખેદ તે કુસંપ કેરાં મૂળ છે જો,
સંપ સજ્યા વિના સમજણુ ધૂળ છે જો. બ્હેનો૦ ૧૯
કહે મણિલાલ તજો સહુ કુસંપને જો,
સજી સંપ સજી સંપ પામો જંપને જો. બ્હેનો૦ ૨૦

ગરબી ૫ મી.

સતીના ગુણ મેળવવા માટે ઈશ્વર પ્રાર્થના.

(રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે) એ રાગ.

સતીપણું આપજો પ્રભુ અમનેરે,
કર જોડી વિનવીયે સહુ તમને. સતીપણું૦ ટેક
જેથી જશ જગમાં અતિ જામેરે,
ઓળખાઇએ સતીઓને નામેરે,
કીર્તિ કીરણ વધે ગામો ગામે. સતીપણું૦ ૧
ભરત ભૂમિ પર થઈ ગઇ સતીઓરે,
જેની તન મન સારી મતીઓરે,
ગાય જશ જગ મળી સારી ગતીઓ. સતીપણું૦ ૨
લોપામુદ્રા અનુસુયા *આળીરે,
રેણુકા ભોગવતી મતવાળીરે,
સુકન્યા સાવિત્રી ભાગ્યશાળી. સતીપણું૦ ૩
ચંદ્રપ્રભા આનંદી બાઇરે,

---

* આળી. ખરો શબ્દ આલી = બેનપણી, સખી, સહીયર.

દમયતી તારામતી માઇરે,
જેના ગુણ શકું કેમ ગાઇ. સતીપણું૦ ૪
ગાર્ગી મૈત્રેયી મેના આદિરે,
ગાંધારી દેવહુતી સતી સાદીરે,
બીજી ઘણી સતી સતવાદી. સતીપણું૦ ૫
સાત સતીઓનાં નામ ગણાવુંરે,
મોં પવિત્ર થવા હું ભણાવુંરે,
ક્રમવાર વિગતથી જણાવું. સતીપણું૦ ૬
અહલ્યા તારા ને દ્રૌપદી માતારે,
સીતા કુન્તા મનોહરી સાતારે,
સુલોચના સાતે સતી દાતા. સતીપણું૦ ૭
ઇતિહાસમાં જોઇએ તપાસીરે,
રાણકદેવી સોના રાણી ખાસીરે,
તેની પાસે આધુનિક દાસી. સતીપણું૦ ૮
પ્રેમ પતિને પાતાં ને પીતાંરે,
લોકોના અપવાદથી બીતાંરે,
જેના ગુણની ગવાણી છે ગીતા. સતીપણું૦ ૯
આપો તેના ગુણો દયા આણીરે,
ન્હાની પુત્રી પોતાની જાણીરે,
માગ્યું એટલું ઉલટ આણી. સતીપણું૦ ૧૦
હતી તે સતીઓ વિદ્યા વાળીરે,
જેની કીર્તિ ગુણીઓએ ભાળીરે,
અદ્‌ભુત કામો ભાગ્યશાળી. સતીપણું૦ ૧૧
નમ્રતા સદ્‌વિદ્યા આપોરે,
નીતિ વિચારો અમારા સ્થાપોરે,
મતિ પાપ તણી પ્રભુ કાપો. સતીપણું૦ ૧૨

માગીએ કર જોડી પ્રભુ આપોરે,
આપી સતી કેરા ગુણ કષ્ટ કાપોરે.
મણિ કહે શીયળપદ સ્થાપો. સતીપણું ૦ ૧૩

ગરબી ૬ ઠ્ઠી.

સાચું બોલવા વિષે.

(રમવા આવોનીરે, આવોને નંદના લાલ, રમવા આવોનીરે)
એ રાગ.

સહુ સાચું બોલો, જુઠું મુખથી ન બોલોરે, સહુ સાચું બોલો ટેક.
એ છે ભલો ભણતરનો સાર, તમારા તન મનનો શણગાર,
જેથી સુધરે સંસારરે, સહુ સાચું બોલો. ૧
પ્રભુએ દયા અંતરમાં ધારી, પશુ કરતાં દીધી સમજણ સારી,
રહો વિનયથી વાત વિચારીરે, સહુ સાચું બોલો. ૨
તેથી સુખ સંપત બહુ થાયે, દુર્ગુણ સૌ ઓછા થઈ જાયે;
સજ્જનમાં તે મનાયેરે, સહુ સાચું બોલો. ૩
સારૂં દેખાય જો સાચ પળાયે, જરૂર જાણો કીર્તિ જળવાયે;
સદ્‌ગુણ સહુ મેળવાયેરે, સહુ સાચું બોલો. ૪
જુઠેથી જગદીશ્વર ખીજે, પ્રભુજીનું ચિત્ત સાચેથી રીઝે;
સત્યપણું સજી લીજેરે, સહુ સાચું બોલો. ૫
અંતરમાં તમે એમ વિચારો, સત્ય વડે શોભે સંસાર સારો;
સત્યે વાયુ વાય ધારોરે, સહુ સાચું બોલો. ૬
સાચથી વ્હાણુ જળમાં તરછે, સાચથી સૂર્ય પ્રકાશ કરે છે;
શીતળતા ચંદ્ર ધરેછેરે, સહુ સાચું બોલો. ૭
સત્યથી જળ પૃથ્વીપર વરસે, સાગર મર્યાદા સાચે ન તજશે;
સત્ય વિના કામ વણસેરે, સહુ સાચું બોલો. ૮

દીસે સત્ય સદા સુખકારી, એથી અધિક લાભ કોઈ નહિ ભારી;
સાચું બોલો ટેવ સારીરે, સહુ સાચું બોલો. ૯
સત્ય શણગારે થવું અધિકારી, સાચને આંચ ન આવે લગારી;
મણિ કહે સત્ય વિચારીરે, સહુ સાચું બોલો. ૧૦

ધોરણ ૫મું ભણનારીઓને સારૂ.

ગરબી ૧ લી.

શીયળ સાચવવા વિષે.

(હારે મારે કનકની માંડવી ઘડાવી) એ રાગ.

હારે પ્હેરે જેકો શાયળની સાડી,
હારે જેથી જશ જગમાં વધે અગાડીરે,
જેકો શીયળ સજે સ્નેહ આણી. ટેક ૧
હારે તેહ સાડીમાં સત્ય બહુ બિરાજે;
હારે તેમાં કનક વિવેક વેલ છાજેરે, જેકો શાયળ૦ ૨
હારે જેહનો શીયળમાં શાંતિ પ્રકાશે;
હારે શાયળ સાડીના તેજે તિમિર નાસેરે, જેકો શીયળ૦ ૩
હારે ભલે પહેરો ઘરેણાં હજારો;
હારે પણ શાયળ વિના જુઠાં ધારોરે, જેકો શીયળ૦ ૪
હારે ભલે કનક જડિત પહેરો ચૂડી;
હારે દિસે શાયળની સાડી વિણ કૂડીરે, જેકો શાયળ૦ ૫
હારે કદી ઝાંઝરના સાદે મોહે શામા;
હારે પણ શીયળના સાદ વિણ નકામારે, જેકો શીયળ૦ ૬

હાંરે પ્હેરો કનકની કંચૂકી રૂપાળી:
હાંરે પણ શીયળ વિના લાગે કાળીરે, જેકો શીયળ૦ ૭
હાંરે ભલે આંજે કાજળ નેણ માંહી:
હાંરે શોભે નહિ નેણ શર્મ વિણ કાંહીરે, જેકો શીયળ૦ ૮
હાંરે ભલે મુખ શોભાયે પાન ચાવે;
હાંરે મધુર વાક્ય વિણ શોભા ન આવેરે. જેકો શીયળ૦ ૯
હાંરે રહ્યા સકળ સદ્દગુણ શીયળ માંહી;
હાંરે કદી ગુણ વિના રૂપ શોભે નાહીરે, જેકો શીયળ૦ ૧૦
હાંરે ગ્રહી ગુણ શીયળના પ્રીતે:
હાંરે જશ મેળવશે સારી રીતેરે, જેકો શીયળ૦ ૧૧
હાંરે શ્વસુર પીયરમાં લાયક ગણાશે:
હાંરે નક્કી શીયળથી પાવન થાશેરે. જેકો શીયળ૦ ૧૨
હાંરે પતિપર પુરો પ્રેમ ધરાશે:
હાંરે નક્કી કહું તેથી ભવજળ તરાશેરે. જેકો શીયળ૦ ૧૩
હાંરે માટે શીયળ પતિવ્રત ધારો:
હાંરે મણિ કહે ભવ સુધરે તમારોરે. જેકો શીયળ૦ ૧૪

ગરબી ૨ જી.

મધુરા બોલ બોલવા વિષે.

(ઓધવજી સંદેશો કહેજો શામને) એ રાગ.

સુણજો શાણી બ્હેનો આ સંસારમાં.
કદી મુખ વદીએ નહિ કઠોર ઉચ્ચારજો;
વશકરણી વિદ્યા રહી છે સુવેણમાં,
નહિ ધારો વશકરણી મંત્રો દ્વારજો. સુણજો૦ ૧

હશે મધુરી મીઠા બોલી માનુની,
તે વશ રાખે છે નક્કી ભરથારજો;
વિખ ઝાઝું જીવ્હામાં તે શા કામનું,
નહિ આણે તે પર કોઈ પુરો પ્યારજો. સુણજો૦ ૨
જુઓ પાળે જન પોપટ પ્રીતે કરી,
કોઈ ન પાળે કઠોર બોલો કાગજો;
કાં કે મીઠું બોલે પોપટ પાંજરે,
નેવ બેશી બોલે કડવું કાગજો. સુણજો૦ ૩
હશે કુટિલ કજીયાળી નાર અભાગણી,
વોલ નહિ રે' ઘર વિષે તલભારજો;
કદી સાસુ જો ક્રોધ કરે તમ ઉપરે,
તેથી અનુચક કરવાના વિચારજો. સુણજો૦ ૪
મીઠા બોલી મરજી સહુની મેળવે,
પ્રાણ પતિની પ્રીતિનું એ પાત્રજો;
સાસુને નણદી શું તુંકારો કરે,
ત્યારે બીજાં વશ કરવાં કોણ માત્રજો. સુણજો૦ ૫
કદી કટુ વચન મુખથી નવ ભાખીએ,
કટુ વચન તે કલેશ તણું છે મૂળજો;
તેથી સત્કૃત્યો પામે છે સર્વદા,
જેમ ધમ્યું સોનું મળે છે ધૂળજો. સુણજો૦ ૬
મધુર વચન વિણુ દુઃખી થશો સંસારમાં,
નહિ પામો કદી માનજ માણસ પાસજો;
જુઓ ઘુવડની વાણી ભયાનક છે અતિ,
સાંભળનારાં સાંભળી બને ઉદાસજો. સુણજો૦ ૭
અમૃત વાકયે અંતર પડદો ખોલજો,
તેથી સઘળા દુર્ગુણ પડશે પારજો;
અમૃત વચનેથી સર્વે સુધરી જશે,
નવ સુધરે તો તેને છે ધિઃકારજો. સુણજો૦ ૮

અમૃત વચને વશ કરશો સહુ જનને,
માટે મુખથી બોલો મધુરી વાણજો;
મુખ મધુરાની શોભા સૌ સંસારમાં,
મીઠાં વચનો રિપુ જડ છેદક બાણજો. સુણજો૦ ૯
મણિ વચનો મીઠાં મીઠાં બેમૂલ છે,
જેથી શાંતિ સર્વ સ્થળે પથરાયજો;
મીઠી વાણી જાણી દૈવી દીકરી,
દેવાંગનાને પ્રિય તેવી તે ગાયજો. સુણજો૦ ૧૦

ગરબી ૩ જી.

વિદ્યા મહિમા.

(ગુરૂ ગોવિંદના મહિમાનો) રાગ.

સુણો હિત શીખામણ સાર, આજ સખી મારી;
ભણો સદ્ વિદ્યા નિરધાર, સુખ દેવા વાળી. ટેક.
સાખી-વિદ્યા વેલ વિવેકની, ભણતાં ભ્રાંતિ જાય;
સૌ ઠામે સુખ સાંપડે, જેથી આનંદ ઓચ્છવ થાય.
સમજ સખી મારી, જેથી પરમપદ પમાય;
કહું દિલ વિચારી, બ્હેની સહુ ઠામે પુજાય,
જ્ઞાનથી નરનારી, સુણો હિત શીખામણ સાર;
આજ સખી મારી, ભણો સદ્‌વિદ્યા નિરધાર,
સુખ દેવા વાળી. ... ... સુણો૦ ૧
મહિમા જેનો છે ઘણો, કથન કરૂં હું કેમ;
વિદ્યા દેવી સેવતાં, ભવજળને તરશો તેમ
સુખ શાંતિ મળશે, ભણો પ્રેમ ધરીને જેમ;
દુઃખ બધાં બળશે, સખી મનમાં સમજો એમ,

તો અમન લાગશે... ... ...સુણો૦ ૨
ચિત્ર ભરત સીવણ શીખો, ફરી રસોઇની રીત;
શુભ ગીતો શુભ રાસડા, શીખવાને ચોંટાડો ચિત્ત,
વિવેક ધરી મનમાં, જેથી સંસારે સુખ વિત્ત;
વધશે જશ જગમાં, થાશો સદ્ગુણી ખચીત,
આનંદ છે તનમાં.... ... ...સુણો૦ ૩
અબળા સબળા સૌ ભણે તો નબળાં નવ થાય;
મન વાંચ્છિત સુખ જગતમાં, વિદ્યા ભણવાથી પમાય,
કહું સાચે સાચુ, આપો વિદ્યા પ્રભુજી સહાય;
વિદ્યા વિના કાચું, મણિશંકર વાંચ્છિત થાય,
તુજ પાસે જાચું, સુણો હિત શિખામણ સાર;
આજ સખી મારી, ભણો સદ્વિદ્યા નિરધાર,
સુખ દેવા વાળી. ... ...સુણો૦ ૪

ગરબી ૪ થી.

સુધારાની જાન.

(ધોળકામાં ધરમશી ફલતો મેઘાડંબર ગાજે) એ રાગ.

જાન સુધારાની મળી, ધ્વનિ ધર્મની ગાજે,
વિદ્યા બાઇનો એટડો, પરણે છે આજે. ૧
ઢોલ નગારાં ભેર રૂપી, વાજાં નોત્તમ વાજે;
ન્યુસ્પેપર ચોપાનિયાં, જેની ગર્જના ગાજે. ૨
કોડ મલ્યો હામ હામ આ, આજ જોવાને કાજે;
રૂડો વરનો બાપ ત્યાં, શ્રમસેન બિરાજે. ૩
સાજનનું શું પૂછવું, જ્યાં છે બુદ્ધિ ભૂપ;
સુખ સિંધુ મંડપ નાખિયા, જાણે શાન્તિના રૂપ. ૪

હાંડીયો પ્રભુ પ્રસાદની, તકતા અભેદ્ય જાણ;
જડયાં રૂડાં રત્ન બહુ, જાણે ઉગ્યા છે ભાણ. ૫
સદાચરણ સહુને કહે, ચાલો સૌ લઈએ લ્હાવો;
ઉદ્યમ ત્યાં હાજર હતો, તે કહે ખંતને કહાવો. ૬
સંતોષ પરીચય ચાતુરી, ચંચળતા બેન ભાઈ;
ક્ષમા સંપ ને સત્યતા, તેની શું કહું ભલાઈ. ૭
ધૈર્ય પરમારથ આવીયા, જેનાં મન છે ઉદાર;
પંડિત પ્રમાણિકતા, જેના શુદ્ધ વિચાર. ૮
વિવેક નમ્રતા સહુ મળી, રૂડી મર્યાદશીળતા;
જેનાં કીર્તિ કીરણો દેશો દેશ પ્રસરતાં. ૯
દયા ઉદારતા હર્ષથી, આવે પંથે પળતી;
આદિ મળી સર્વ સૈયરો, આવે આવી મળતી. ૧૦
સૌંદર્યતા મતિશૌર્ય ને, શીયળ સહનશીળતા;
ગાએ ગીત ઘણાં રૂડાં, અસીલતા ગંભીરતા. ૧૧
સદ્ધર્મ સુચાલ આવીયાં, શ્રમસેનને ઘેર;
મીલનસારી બાઈ ત્યાં આવ્યાં હરખ ભેર. ૧૨
ઘેર ઘેર ઓચ્છવ છે ઘણો, જાણે દીવાળી *દન;
વિજય સંપત્તિ આવીયાં, જેનાં રૂડાં વદન. ૧૩
ઓગણીસમી આખી સદીનો, લગ્ન દિન ઠર્યો છે;
મંડપ મહિના ભાગમાં, ભભકાથી ભર્યો છે. ૧૪
ધન ધન દિન રળિયામણો, રૂડો લાગે છે આજે;
સિતાર સારંગી શીડલો, સાતે સૂરમાં વાજે. ૧૫
શુદ્ધ વિચાર ને ન્યાય ત્યાં, આરોગ્યતા લેખું;
એવી સુધારાની જાન આ, ઉદય ગઢપર દેખું. ૧૬

---

* દિન

તે જાનમાં જવું આપણે, રૂડું તેડું આવ્યું છે;
વિજ્ઞાને વિચાર સાથે, રૂડું કે'ણુ કા'વ્યું છે. ૧૭
માટે ચાલો જઈએ આપણે, આજ જોવાને કાજે;
ત્યાં ગીત ગાઇશું તેહનાં, સમજી મન આજે. ૧૮
સૈયર જોવા ટોળે મળો, મન મુર્ખાઈ મૂકી;
સુખી સુધારાની જાનમાં, કો નહિ થાશો દુઃખી ૧૯
હોય રૂપી દીવા દીવડા, ચાલો પ્રગટીને જઈએ;
નીતિના ગીતો ગાઇને, મન આનંદ લઇએ. ૨૦
નીતિની રીતી જોઈને, અનીતિ બાઈ બળશે;
વિદ્યા બાઇનો બેટડો, નીતિ બાઇને મળશે. ૨૧
ચાલો આનંદ ત્યાં થશે, જ્યાં નીતિ જ્ઞાન પરણે;
આજનો દીન દીપાવડો, મણિશંકર વરણે ૨૨

ગરબી ૫ મી.

રસોઈની રચના.

(મા પાવા તે ગઢથી ઊતર્યા) એ રાગ.

મા, રસોઇની રચના, કહોને પ્રીતે, મા,
મા, કાજ સરે મનનાં, કહો કઇ રીતે, મા. ૧
મા, દાળ કઢી ને ભાત, કરવાં કેમજ, મા,
મા, શાક તણી શી જાત, કરવી તેમજ, મા. ૨
મા, ભજીયાં ને ભાજી ભલી, મન ગમતી, મા,
મા, પાપડ સેવ વડી, હું સ્વાદે જમતી, મા. ૩
મા, અથાણાં બહુ ભાતનાં, લેખવજો, મા,
મા, વધાર વિધ વિધ જાતના, શીખવજો, મા. ૪
મા, દૂધપાક ને ખીર, રૂડી કરવી, મા,

મા, જમતાં સુખ શરીર, રીત શી ધરવી, મા. ૫
મા, પકવાનો અતિ સાર, કહો કેમ કરવાં, મા,
મા, કરવામાં કંસાર, શું? ગુણ ધરવા, મા. ૬
મા, પૂરણપોળી ચૂરમું, અતિ સારૂં મા,
મા, કરવાને વળી ઓરમું, મન ધારૂં, મા. ૭
મા, મગજ મગદળ સાર ઘીના કરવા, મા,
મા, અડદીયા શ્રીકાર, પુષ્ટિ મળવા, મા. ૮
મા, કેળાં કોળાનું શાક, મનને ગમતું, માં,
મા, પૌષ્ટિક સાલમપાક, સાર શીખવ તું, મા. ૯
મા, રોટલીને રાયતાં, કેમ થાએ, મા,
મા, શિખંડ બાસુદી ભાવતાં, વખણાએ, મા. ૧૦
મા, ઘઉં તણી તે સેવ કેમ વણાએ, મા,
મા, શીરામાં જળ ટેવ, કેમ રખાએ, મા, ૧૧
મા, પૂરી મોહનથાળ, શીખવો પ્રીતે, મા,
મા, તળ્યા ચણ્યાને વઘાર, દઉં શી રીતે, મા. ૧૨
મા, ખટાસ શેમાં નાંખવી, કહો સાચે, મા,
મા, અગ્નિ કેવી રાખવી, ધીમિ આંચે, મા. ૧૩
મા, પુલ્લા માલપૂવા, કહો કેમ? કરવા, મા,
મા, લોટ લઇને રોટલા, મસળવા, મા. ૧૪
મા મરચાંના સંભારમાં, શું જોઇએ, મા,
મા, મુરબ્બાના પ્રકાર, પ્રીતે કહીએ, મા. ૧૫
મા, મોતૈયાનો થાળ, ભરીને પીરસું, મા,
મા, પાપડના પ્રકાર, આજ નીરખશું, મા. ૧૬
મા, પાક શાસ્ત્રનું જ્ઞાન, પૂરણ તમને, મા,
મા, તે શીખવી ગુણવાન, કીજે અમને, મા. ૧૭
મા, ધન ધન આ અવતાર, જ્ઞાન હું પામી, મા,
મા, બતાવજો કોઇ વાર, મણિની ખામી, મા. ૧૮

ગરબી ૬ ઠ્ઠી.

કંજુસાં મધમાખ વિષે અન્યોક્તિ.

(†હાંરે દાણ માગે કાનો દાણ માગે) એ રાગ.

કંજુસી મધમાખી તું શીશ શીદ કૂટે;
હાંરે નફી લોભી કરૂં ધન ચોર લૂટે. કંજુસી ૧ ટેક
સર્વ હળીમળી રસ ભેળો કીધો;
હાંરે ધણી ખંતથી ઝગડવા ન દીધો. કંજુસી૦ ૨
સર્વ મિષ્ટ રસમાંથી રસ ચૂસ્યો;
હાંરે રસ ચૂસી તેં સુંઢમાં ભૂંસ્યો. કંજુસી૦ ૩
ધરિ હોંશ કરી મહેનત પૂરી;
હાંરે જરી ચોકખાઈમાં નહિ તું અધુરી. કંજુસી૦ ૪
ભૂખ દુઃખ વેઠી મધ ભેળું કીધું;
હાંરે પૂરૂં ખાધું ન કોઇને ન દીધું. કંજુસી૦ ૫
મધપૂડામાં મધ ભરી રાખ્યું;
હાંરે કોને લેતાં તેં તો નવ સાંખ્યું કંજુસી૦ ૬
મધપૂડો ભરાયો પૂરો જ્યારે;
હાંરે મોટો રચવા વિચાર કર્યો ત્યારે કંજુસી૦ ૭
એવી રીતે તેં મધ ભેળું કીધું;
હાંરે ધરિ કંજુસાઇ પોતે ન પીધું. કંજુસી૦ ૮
હવે શીશ શીદ કૂટે તું માખી;
હાંરે પછી શું થયું તે દઉં ભાખી. કંજુસી૦ ૯
આવ્યો ચાંડાળ કોક ત્યાં પાપી;

---

† "હું વારી જાઉં ઉભાં રહોને અલબેલી"–એ રાગમાં પણ ચાલશે.

હાંરે મધ જામેલી ડાળ લીધી કાપી. કંજુસી૦ ૧૦

કરી ધુણી ઉડાડી દીધી તને;
હાંરે એવું દિલમાં સુઝે છે મને. કંજુસી૦ ૧૧

લઈ ચાલ્યો તે મધ બધું તારૂં;
હાંરે રહ્યું રખડતું ટોળું તમારૂં. કંજુસી૦ ૧૨

કરી લોભ ફળ મેળવ્યું નઠારૂં;
હાંરે જેથી સફળ થયું ન કાજ તારૂં કંજુસી૦ ૧૩

જુઓ જુઓ આ કંજુસ માખી;
હાંરે કરી લોભને કમાણી ખોઇ નાંખી. કંજુસી૦ ૧૪

જેહ લોભી હશે જન આવો;
હાંરે તેહ ખાશે પીશે ન લેશે લ્હાવો. કંજુસી૦ ૧૫
રાખો ઉદારતા દિલ મોટું;
હાંરે તેહ વિના દિસે સહુ ખોટું. કંજુસી૦ ૧૬

કરકસર કરવી બહુ વિચારી;
હાંરે જશ જડે સંપ વધે સુખકારી. કંજુસી૦ ૧૭

અતિ લોભે પસ્તાવું પડે બાઇ;
હાંરે લોભે જશ મેળવાય નહિ કાંઇ. કંજુસી૦ ૧૮

તજી લોભ સંતોષ દિલ રાખો;
હાંરે લોભ તજ્યા વિના સુખ નહિ ચાખો. કંજુસી૦ ૧૯

ધરો શિક્ષા સર્વે દિલ માંહી,
હાંરે પ્રીતે કહે મણિ ચિત્ત ચાહી. કંજુસી૦ ૨૦

ધોરણ ૬ઠું ભણનારીઓને સારૂ.

ગરબી ૧ લી.

સારી શીખામણ.

(સુરજ ઉગ્યે.રે કેવડીઆની ફણસે કે, વાં'ણેલાં ભલે વાયાંરે)
એ રાગ.

જાગો જાગોરે ગુણવંતાં સહુ બ્હેનો કે, સદ્‌ગુણો સંઘરવારે,
માગો માગોરે પ્રભુ પાસે સહુ બ્હેનો, કે દુર્‌ગુણો દૂર કરવારે ૧
કાઢો કાઢોરે કુનીતિ કુચાલ કે, સદ્‌ગુણો સંઘરવારે;
કહુંછું કહુંછુંરે આણીને હું વ્હાલ કે, દુર્‌ગુણો દૂર કરવારે ૨
જાશો જાશોરે નહિ કુસંપને ઘેર કે, સદ્‌ગુણો સંઘરવારે;.
ધારો ધારોરે કર સંપ સમશેર કે, દુર્‌ગુણો દૂર કરવારે ૩
ભણજો ભણજોરે ભાવે વિદ્યા વિશેષ કે, સદ્‌ગુણો સંઘરવારે;
નહિ રાખોરે આળસ તન લેશ કે, દુર્‌ગુણો દૂર કરવારે. ૪
ગાજો ગાજોરે ગરવાં નીતિનાં ગીત કે, સદ્‌ગુણો સંઘરવારે;
તજજો તજજોરે ભૂંડણુ સ્ત્રીની પ્રીત કે, દુર્‌ગુણો દૂર કરવારે. ૫
પહેરો પહેરોરે શીયળ કેરી સાડી કે, સદ્‌ગુણો સંઘરવારે;
નાસે નાસેરે દુઃખડાં જેથી દહાડી કે, દુર્‌ગુણો દૂર કરવારે. ૬
રાખો રાખોરે સંતોષ વિચારી કે, સદ્‌ગુણો સંઘરવારે;
તજજો તજજોરે કંજુસાઈ નઠારી કે, દુર્‌ગુણો દૂર કરવારે. ૭
પ્રેમે પ્રેમેરે પતિવૃત્ત સૌ પાળો કે, સદ્‌ગુણો સંઘરવારે;
નીતિ નીતિરે ઉપર મન વાળો કે, દુર્‌ગુણો દૂર કરવારે. ૮

મળશે મળશેરે જશ જગમા વિશેષ કે, સદ્‌ગુણો સંધરવારે;
ધરશો ધરશોરે નહિ ક્રોધ મન લેશકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૯
ધારો ધારોરે સત્ય સાંકળી સારીકે, સદ્‌ગુણો સંધરવારે;
રહેજો રહેજોરે નમ્રતા સહુ ધારીકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૧૦
પહેરો પહેરોરે ચોકખાઈની ચૂડીકે, સદ્‌ગુણો સંધરવારે;
લેજો લેજોરે દયા દિલમાં રૂડીકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૧૧
પહેરો પહેરોરે અદબની અકોટીકે, સદ્‌ગુણો સંધરવારે;
તજજો તજજોરે હોય રીત જે ખોટીકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૧૨
ચોડો ચોડોરે જ્ઞાન કેરો ચંદકે, સદ્‌ગુણો સંધરવારે;
થાશે થાશેરે જેથી દિલમાં આનંદકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૧૩
ધારો ધારોરે ઉદારતા દિલકે. સદ્‌ગુણો સંધરવારે;
ભણતર ભણવાની નહિ કરશો ઢીલકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૧૪
સુધરી સુધરીરે સુધારોને શહેરોકે, સદ્‌ગુણો સંધરવારે;
ચળકે ચળકેરે સદ્‌ગુણથી ચ્હેરોકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૧૫
આંજો આંજોરે અંજન શરમનુંકે, સદ્‌ગુણો સંધરવારે;
માંજો માંજોરે જ્ઞાનથી પાત્ર મનનુંકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૧૬
કીજે કંકુરે †કીરતિ કેરૂં સારૂંકે સદ્‌ગુણો સંધરવારે;
માની માનીરે કહ્યું બ્હેનો અમારૂંકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૧૭
દીજે દીજેરે કર ઉદ્યોગ મેંદીકે, સદ્‌ગુણો સંધરવારે;
તજીએ તજીએરે આળસપણું એદીકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૧૮
દેજો દેજોરે પાપ ઉપર પાટુકે, સદ્‌ગુણો સંધરવારે;
પીજો પીજોરે શમતા દૂધ ધાટુંકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૧૯
વદીએ વદીએરે વિવેકની વાણીકે, સદ્‌ગુણો સંધરવારે;
છોડી દીજેરે મર્મ વચનની કહાણીકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૨૦
કરજો કરજોરે ભવ વાટનું ભાતુંકે, સદ્‌ગુણો સંધરવારે;
કરવી કરવીરે બોધ લાગે તે વાતુંકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૨૧

† કીર્તિ

નહિ કરીએરે રીસ બતાવ્યે ખામીકે, સદ્‌ગુણો સંઘરવારે;
ભજીએ ભજીએરે નિજ સ્વામી બહુ નામીકે દુર્‌ગુણો દૂર કરવારે. ૨૨
ટળશે ટળશેરે જેથી વ્હેમ કુબુદ્ધિકે, સદ્‌ગુણો સંઘરવારે;
મળશે મળશેરે ધન ધાન્ય સુબુદ્ધિ કે, દુર્‌ગુણો દૂર કરવારે. ૨૩
વિધ વિધ કેરાંરે વિઘ્ન ટળશે તમારાંકે, સદ્‌ગુણો સંઘરવારે;
કોડે કોડેરે વચન માનજો મારાં કે, દુર્‌ગુણો દૂર કરવારે. ૨૪
મળશે મળશેરે સ્વર્ગ કેરૂં સૌ સુખ કે, સદ્‌ગુણો સંઘરવારે;
ટળશે ટળશેરે જેથી જનમના દુઃખકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૨૫
તજજો તજજોરે મનથી અહમેવકે, સદ્‌ગુણો સંઘરવારે;
સાહ્યજ થાશેરે મણિશંકરનો દેવકે, દુર્‌ગુણો દૂર કરવારે. ૨૬

ગરબી ૨૭.

નિજ પતિ સાથે પ્રેમ રાખવા વિષે.

(ઓધા નંદનો છોરો તે નમેરો થયો જો) એ રાગ.

એવો પ્રેમ પતિ સાથ રાખો સુંદરી જો;
જશ જડે સુખ મળશેજ ખાતરી જો. એવો પ્રેમ૦ ટેક ૧
કોઇ ચંદ્રને ભલે કહે શોભિત છે જો;
પણ પદ્મને તો સૂર્ય સાથે પ્રીત છે જો. એવો૦ ૨
ભલે સૂર્ય હો શોભિત પણ શું થયું જો;
ચિત્ત ચંદ્રમાં ચકોરનું ઘણું ઠર્યું જો. એવો૦ ૩
મીન સર્વ સુખ માને રહી નીરમાં જો;
ખેદ પામીને મરે છે ખરે ખીરમાં જો. એવો૦ ૪
પ્રીત દીપકમાં લાગી છે પતંગની જો;
દેહે શુદ્ધ નહિ સુખ દુઃખ સંગની જો. એવો૦ ૫
પતિમાં પતિવ્રતાની એવી પ્રીત છે જો;

ખરે એજ એને સર્વથી શોભિત છે જો. એવો. ૬
એમ ઇંદ્રથી અધિક પતિને ગણો જો;
ભલે ગુણ હીણ તોય પતિ આપણો જો. એવો૦ ૭
નેણ આપણાં વે આપણાજ કામનાં જો;
દિસે પારકાં નેણાં તે નેણાં નામનાં જો. એવો૦ ૮
ધ્રુવ માછલીનું મુખ રહે ધ્રુ ભણી જો;
તેને તે વિના બીજાની તુચ્છતા ગણી જો. એવો૦ ૯
જેમ વીજળીને પ્રીત વરસાદમાં જો;
દિસે નાગને તો મોરલીના નાદમાં જો. એવો૦ ૧૦
જેમ ભમરનો ભાવ મકરંદમાં જો.
મણિ પોયણીનો પ્રેમ પૂરો ચંદમાં જો. એવો૦ ૧૧

ગરબી ૩ જી.

દંપતિ સ્નેહ સંકળતા.

(રાગ ઉપર પ્રમાણે.)

એમ પ્રેમ એક મેક ધરો દંપતિ જો;
જેથી રીઝે તમો પરે ખરે જગપતિ જો એમ પ્રેમ. ટેક. ૧
શોભે નિશા વડે ચંદ્ર ચંદ્રથી નિશા જો;
જેમ દિશા વડે કાર્ણ કાર્ણથી દિશા જો. એમ૦ ૨
શોભે ધીરા વડે ઢાલ ઢાલથી ધીરો જો;
શોભે હીરા વડે હેમ હેમથી હીરો જો. એમ૦ ૩
શોભે સેન વડે ભૂપ સેન ભૂપથી જો;
જેમ ગુણ વડે રૂપ ગુણ રૂપથી જો. એમ૦ ૪
શોભે પદ્મ વડે નીર પદ્મ નીરથી જો;
જેમ મુગટ વડે શીર મુગટ શીરથી જો. એમ૦ ૫

શોભે પ્રાણ વડે દેહ પ્રાણ દેહથી જો;
તેમ નારી વડે નેહ નારી નેહથી જો એમ૦ ૬
શોભે માત વડે બાળ માત બાળથી જો;
જેમ રાગ વડે તાલ રાગ તાળથી જો. એમ૦ ૭
શોભે ભક્તિ વડે ભાવ, ભક્તિ ભાવથી જો;
જેમ સઢ વડે નાવ સઢ નાવથી જો. એમ૦ ૮
શોભે છે દયાથી દાન. દયા દાનથી જો;
જેમ વાજાં વડે ગાન, વાજું ગાનથી જો. એમ૦ ૯
શોભે મુખ વડે દંત, મુખ દંતથી જો;
તેમ નારી વડે કંથ, નારી કંથથી જો. એમ૦ ૧૦
એવાં જોડાં શોભે છે એક એકથી જો;
પ્રેમે જે હળી મળી વસે વિવેકથી જો. એમ૦ ૧૧
હૃદે રાખજો કથન મણિ તુલ્ય છે જો;
ખરા પ્રેમ તણી કિમ્મત અમુલ્ય જો. એમ૦ ૧૨

ગરબી ૪ થી.

વ્હેમ તજવા વિષે.

(મા પાવા તે ગઢથી ઉતર્યાં મહાકાળીરે) એ રાગ.

વાત તજો સહુ વ્હેમની, નરનારીરે
શિદ ભુલાઓ ભરમાઇ. કહું છું વિચારીરે;
જૂઠો જાદૂગર ગણો, નરનારીરે,
ખેલ નજર તણો કહેવાય, કહું છું વિચારીરે. ૧
કેક ગપ્પી ગપ્પાં દીએ, નરનારીરે,
કોઈ કહે મેં દીઠું ભુત, કહું છું વિચારીરે;
કોઇ ચૂડેલ પ્રેત ડાકણી, નરનારીરે,

દીઠો મામો ખવીસ અબધુત, કહું છું વિચારીરે. ૨
બાઈ ફલાણીએ કરી મૂક્યું. નરનારીરે,
જેથી બાળક સાજું ન રેય, કહું છું વિચારીરે;
બાઈ મારો પતિ વશ નવ રહે, નરનારીરે,
ત્યારે બીજી બોલી એમ, કહું છું વિચારીરે. ૩
એક જોગી નદીએ વસે, નરનારીરે,
હું ગઈ હતી તેની પાસ, કહું છું વિચારીરે;
જંત્ર દીધો એક મુજને, નરનારીરે.
પાયો ધોઇ પતિને ખાસ, કહું છું વિચારીરે ૪
જેથી પતિ મુજ વશ રહે, નરનારીરે,
માટે જા તું તેની પાસ, કહું છું વિચારીરે;
બાવે બતાવ્યું એટલું, નરનારીરે.
પતિ વશ કરી પૂરી આશ, કહું છું વિચારીરે. ૫
પછી બીજીએ તેમ કર્યું, નરનારીરે,
ગઈ જોગી જનની પાસ, કહું છું વિચારીરે;
પૈસા આપ્યા પ્રેમથી, નરનારીરે,
લાવી જંત્ર કર્યો અજમાસ, કહું છું વિચારીરે. ૬
પાતાં પતિએ નીર દીઠું, નરનારીરે,
વધ્યો કંકાસ ગયો વિશ્વાસ, કહું છું વિચારીરે;
નારીની ઉપરે માર પડયો, નરનારીરે,
તજી જુઠ કરો સત્ય પ્રકાશ, કહું છું વિચારીરે. ૭
નથી વશ કરણી મંત્રમાં, નરનારીરે,
વશીકરણ વચનની માંય, કહું છું વિચારીરે;
માટે તેવું કરશો નહિ, નરનારીરે,
પછી પસ્તાવું પડે મનમાંય, કહું છું વિચારીરે. ૮
જુઠા તે કામણ વીર છે; નરનારીરે,
વશ કરણી જીભ મોઝાર, કહું છું વિચારીરે;

ધીરજ હિંમત રાખવી, નરનારીરે,
તો તરશો ભવજળ પાર, કહું છું વિચારીરે. ૯
મંછા છે ભૂતજ આપણી, નરનારીરે,
શંકા તે ડાકણ કહેવાય, કહું છું વિચારીરે;
ચૂડેલ મામો કોઈ નથી, નરનારીરે,
દેખે મનમાં જેવું હોય, કહું છું વિચારીરે. ૧૦
ડાકલાં ડમડમ વાગતાં, નરનારીરે,
આવી ચામુંડા મેલડી માય, કહું છું વિચારીરે;
શું માતાને ખામી હતી, નરનારીરે,
આવી વાઘરીના તન માંય, કહું છું વિચારીરે. ૧૧
જે પ્રવડ એદી બહુ હોએ, નરનારીરે,
થાય આળસ કરતાં કામ, કહું છું વિચારીરે;
ભૂત પ્રેત કરે બ્હાનું કરી, નરનારીરે,
સુખે ઉંઘશે ધરીને હામ, કહું છું વિચારીરે. ૧૨
ભોળા થઈ બીકણ બન્યા, નરનારીરે,
ઈશ્વર સાચો સહુ ઢોંગ, કહું છું વિચારીરે;
માટે શીખામણ મારી સુણી, નરનારીરે,
તજી વ્હેમ કરો ઉદ્યોગ, કહું છું વિચારીરે. ૧૩
વ્હેમ ધરી દોષ કરમનો, નરનારીરે,
શું? ધારી બેઠા છો આમ, કહું છું વિચારીરે;
વ્હેમી બની નિર્ધન થયાં, નરનારીરે,
ઠગી ગયા ઠગારા તમામ, કહું છું વિચારીરે. ૧૪
નિર્ધન કીધો દેશને, નરનારીરે,
ધરી ચીના લોકોની રીત, કહું છું વિચારીરે;
જેથી હુન્નર હલકા થયા, નરનારીરે,
નિરૂદ્યમી બન્યા ખચીત, કહું છું વિચારીરે. ૧૫

ઈશ્વર સાચો એક છે, નરનારીરે,
સ્મૃતિ આજ્ઞા શાસ્ત્ર પ્રમાણ, કહું છું વિચારીરે;
નથી મોટો કોઈ દેવથી નરનારીરે,
વ્હેમે ખોયા છે કૈકે પ્રાણ, કહું છું વિચારીરે. ૧૬
સમજુ દેશીઓ વ્હેમ તજો, નરનારીરે.
કરો ઉદ્યોગ આણી વ્હાલ, કહું છું વિચારીરે;
સત્ય કરીને માનજો, નરનારીરે,
કહે દેશનો દાસ મણિલાલ, કહું છું વિચારીરે. ૧૭

ગરબી ૫ મી.

ગૃહ રાજ્યની.

(પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે) એ રાગ.

શોભા ઘરની રૂડી સુ રાજ્ય સમાન છેરે;
તેમાં નર રાજા રામા પ્રખ્યાત પ્રધાન,
સજની રાજ્ય નિભાવો ઘરનું ચતુર થઈ તમેરે. ટેક.
સ્નેહ સહિત સહુ સાંભળો, આ શીખામણ સાર;
જુવતી જનને જોગ આ, છે વિવેક વિચાર.
રાજા તો રાજ્ય જમાવે નીભે છે પ્રધાનથીરે,
ચાલે સુકાનથી નિધિમાં જેમ નાવ. સજની૦ ૧
સાસરીયાંની સાથ સહુ, વસો ધરી શુભ સ્નેહ;
સુંદરી જનને સુખ ઘણું, અધિકું લેખો એહ.
પ્રવિણ પ્રધાન પમાયે ઈશ્વરની કૃપા થકારે,
નઠારા પ્રધાનથી નૃપતિ નહિ સુખીઆ થાય. સજની૦ ૨

નમ્રપણું નિત રાખતાં, રહેશે સંપ સવાદ;
મીઠાં વચન મુખે ધરી, રાખી મન ઉત્સાહ.

સીધો રસ્તો બતાવે રાજી રાખી રાયનેરે,
તો પામે પ્રધાન વખાણ તજે નહિ ન્યાય. સજની૦ ૩

રીઝવીએ રસ રીતથી, કેળવીને નિજ નાથ;
પછી મન ગમતું મેળવી, ચોખ્ખા રાખો હાથ.

રાજા પણ આરંભે કાજ પૂછી પ્રધાનનેરે,
બંનેની સલાહથી સુધરીને પામે માન. સજની૦ ૪

અંતરનાં અભિમાનને, દહન કરો ધરી પ્રેમ;
રીસ કર્યાની રીતને, વળી તજી દેવી તેમ.

મત બે જુદા પડતાં ખરાબી અંતે છે ખરીરે,
માટે મન મળતાં કરવાનો ધરી મન મર્મ. સજની૦ ૫

આળસ તજીએ અંગની, લઈ સદ્બુદ્ધિ બોધ;
કટુ વચન પણ પી જજો, કરશો નહિ કદી ક્રોધ.

તો આ રાજ્યરૂપી રથ ઘોડા બે નિભાવશેરે,
પણ નહિ ચાલે એક હઠે ને દોડે એક. સજની૦ ૬

ખચીત ખાડામાં પડે, સરખા વાજી ન હોય;
ભાંગી પડે ભરાઇને, શું! કરશે જન કોય.

રૂડી રીતે તો રથ ચાલે જોડું જો જડેરે,
હરેક પ્રકારે હરકત થાયે સઘળી દૂર. સજની૦ ૭

રીઝે રાજ્ય ધણી ઘણું, રથ સૃજનારો તેમ;
વહીવટ સાચો ચાલશે, અંત લગી પણ એમ.

વિવેકે વાત વિચારો વાંચી આ સૌ અંતરેરે,

રીઝે જગતપતિ મણિ શિક્ષા સુણતાં કાન,
સજની રાજ્ય નિભાવો ઘરનું ચતુર થઈ તમેરે૦ ૮

ગરબી ૬ ઠ્ઠી.

સારી શિખામણ.

(રઘુપતી રામ હૃદયમાં રહેજોરે) એ રાગ.

શિખામણ માનજો સખી મારીરે;
જેથી સુમતિ મળે સુખકારી. શિખામણ૦ ટેક.

નિત્ય ઊઠી પ્રભુજીને ભજીયેરે,
સારી નીતિ સદાએ સજીયેરે;
અહંકાર અને મદ તજીયે. શિખામણ૦ ૧

ધરો પ્રભુપર રૂડી પ્રીતિરે,
કામ ક્રોધને પ્હેલાં જીતીરે;
તજો અંતરથી સહુ ભીતી. શિખામણ૦ ૨

નમ્રતાથી વડીલોમાં વસવુંરે,
લાજ મૂકી ખડખડ નહિ હસવુંરે;
દુરાચરણથી દૂરજ ખસવું. શિખામણ૦ ૩

માનો મનથી સાસુને માતારે,
દેર જેઠ ગણો દિલ ભ્રાતારે;
ગણો સસરો પિતા સુખદાતા. શિખામણ૦ ૪

તેમ નણંદ દેરાણી જેઠાણીરે,
લેખો નિજ બ્હેન અંતર આણીરે;

મીઠી મીઠી વદો મુખ વાણી. શિખામણ૦ ૫

સુખ સંપથી જરૂર સમાણોરે,
હલકી વાત હૈયામાં ન આણોરે;
નિજ સગાં વ્હાલાંને વખાણો. શિખામણ૦ ૬

કામ કર્યાં તેણે કામણ કીધાંરે,
જેણે વ્હેલેથી વશ કરી લીધાંરે;
તેણે પ્રેમનાં પય અતિ પીધાં શિખામણ૦ ૭

શીખો ચીતરતાં ગાતાં ને ભરતાંરે.
સોય કર લઈ સીવતાં વેતરતાંરે;
રહો દુરિજનથી મન ડરતાં શિખામણ૦ ૮

ધરી મ્હોટાઈ બેશી ન રહેશોરે,
રાખી આળસ દુઃખ ન સહેશોરે;
રોજ રોજ મિષ્ટાન્ન ન લેશો. શિખામણ૦ ૯

ઓઢો પ્હેરો પણ રાખો સાદાઈરે,
ભભકામાં ન જાવું ભરાઈરે;
જેથી જશ ઘણો રહેશે ગવાઈ. શિખામણ૦ ૧૦

કામણ ટુમણ વ્હેમની વાતોરે,
ભૂત પ્રેત મામો નથી થાતોરે;
એવા જુઠાને મારો સૌ લાતો. શિખામણ૦ ૧૧

હુશીયાર ભણી ગણી થાજોરે.
મિથ્યા વ્હેમો માંહી ન ગભાજોરે;
સમજી બીજાનાં મનને માંજો શિખામણ૦ ૧૨

વાંચી પુસ્તક જ્ઞાન મેળવજો
નિજ સખીઓ સગાંને કેળવજોરે;
મન શીયળ ગુણોમાં ભેળવજો શિખામણ૦ ૧૩

મણિશંકર વચન વિચારીરે,
વાંચા વાંચીને ઉરમાં ઉતારીરે;
પોતે તરજો અવરને તારી. શીખામણ૦ ૧૪

કૉલેજમાં ભણનારી બાઇઓ સારૂ.

ગરબી ૧ લી.

માને શિખામણ.

(માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે) એ રાગ.

કેળવાએલી નારી કેળવશે નિજ બાળને,
આપી વારંવાર રૂડો નીતિનો બોધ;
શાન્તિ રાખી હૃદયે પ્રેમ ધરે પ્રમદા ઘણો,
કાલાં કાલાં વેણ વદે ને ન કરે ક્રોધ. કેળવાએલી૦ ૧

પ્રથમથી સમજણ દઇ સમજાવે નાનાં બાળને,
માની મનમાં પૂરો પરમેશ્વરનો પાડ;
જળ નિર્મળ લઈ નવરાવે છે વ્હાલ ધરી ઘણું;
પારણીએ પોઢાડી ઘણાં લડાવે લાડ. કેળવાએલી૦ ૨

ચાલણ ગાડી આપી શીખવે ચતુરાં ચાલતાં,

વળી દેખાડે રંગિત રૂડાં ચિત્ર વિચિત્ર;
રમકડાં આપે રમવા રૂડાં હાથી દાંતનાં,
એમ કરી આપે સૌ ચીજોનું જ્ઞાન પવિત્ર. કેળવાએલી૦ ૩

જળનો થાળ પૂરી ચાંદો સુરજ દેખાડતી,
બતાવે સૃષ્ટિ સુંદરતાનો કંઈ રૂડો ખ્યાલ;
રોતું રાખે મીઠું મીઠું બોલી બાળને,
નચાવે કુદાવે દોડાવે આપી તાલ. કેળવાએલી૦ ૪

ચતુરાં ચપટી વગાડી બાળકને રીઝાવતી,
હોંસે હોંસે હાલરડાં ગાઈ હરખાય;
બાળકનું મન રંજન કરવા શુભ વાતો કરે,
હિંમત આપી તાળી પાડી ગરબા ગાય. કેળવાએલી૦ ૫

બીક ન આપે બાળકને કદિ બાવા બાઉની,
શીખવે વિનય તણા વચનોના ભેદ તમામ;
શીખવે મા, બા, બાપા, કાકા, મામા, હોંસથી,
બીજાં સગાં સ્નેહીનાં પૂરણ શીખવે નામ. કેળવાએલી૦ ૬

કક્કાના અક્ષર પદ જૂદાં જૂદાં શીખવે,
શીખવે પંદર તિથિ ને પૂરા સાતે વાર;
શીખવે બારે મહિના ષટ્ ઋતુ પખવાડીઆં,
શીખવે સત્યાવીશ નક્ષત્રો રાશી બાર. કેળવાએલી૦ ૭

ભાષા શુદ્ધ શીખવે બોલી મટાડી તોતળી,
શીખવે ચોખુણ ચાર દિશાનાં ક્રમથી નામ;
ગણતાં શીખવે અંકસ્થાન તણા સહુ આંકડા,
ટુંકામાં દે નીતિમય શુભ જ્ઞાન તમામ. કેળવાએલી૦ ૮

કદી નહિ શીખે તો પણ માતા ક્રોધ કરે નહિ,
લાવે ઘેર બીજાં બાળક તે સરખી જોડ;

તેની સાથ રમાડે કુલવંતી પાસે રહી,
અદકું કોણ શીખે એમ કહી કરાવે હોડ. કેળવાએલી૦ ૯
સુઘડ બનાવે બાળકને પોતે ચતુરાઇથી,
શીખવે ભણતાં ગણતાં બુદ્ધિ થવા વિશાળ;
" બાળકના જીવનનું બંધારણ મુજ હાથ છે,"
એમ ગણી પુરી કાળજીથી ઉછેરે બાળ. કેળવાએલી૦ ૧૦
માનાં દિલમાંથી બાળકનું દિલ બંધાય છે,
માનાં મુખથી પડતો બોલ અમુલ્ય ગણાય;
માતાએ દર્શાવેલ સુમાર્ગ સુખરૂપ થાય છે,
એવું દિલ ધરી ઊંચી કેલવણી દે માય. કેળવાએલી૦ ૧૧
શાન્ત સ્વભાવ ધરી નિજ વદન પ્રસન રાખે સદા,
માંજે નીતિથી બાળકનું નિશદિન મન;
એવી માતા મળી હોય તે બાળકને ધન્ય છે,
જાણો તેપર પરમેશ્વર પુરો પ્રસન્ન. કેળવાએલી૦ ૧૨
એમ સદ્‌ગુણી નારી પ્રીતે બાળક કેળવે,
બનાવે ભવિષ્યમાં કોઇ વીર પુરૂષની જોડ;
એવી મણિમય જનુનીને પ્રભુ સુખમાં રાખશો,
વો કેળવાશે કોમળ બાળક રૂપી છોડ. કેળવાએલી૦ ૧૩

ગરબી ૨ જી.

શિખામણની.

(કાંકરીયા ઉપરરે, નોબત વાગે છે) એ રાગ.

શીખો તો સખીઓરે, શિખામણ હું દઉં છું;
સંપી જંપીનેરે, રહેજો હું કહું છું. ૧

સાસરીએ સાસુરે, કહે તે સૌ સાંખો;
કદી કલેશ હૃદયમાંરે, જરીએ નહી રાખો. ૨
મોઢેથી મીઠારે, બોલ સદા બોલો;
કોઈ દિન પણ ખોટાંરે, વચનો નહિ ખોલો. ૩
ચોરી ચાડીમાંરે, ચિત્ત કદી ન ધરો;
હઠીલાઇ તજીનેરે, દુર્ગુણ દેખી ડરો. ૪
સુધારી દેજોરે. જે હોય તમ સંગે;
આળસ તજી થાવુંરે, ઉદ્યોગી અંગે. ૫
ભરતને ચીત્રોરે, શીખી લેવાં પ્રીતે;
વળી રાંધી જાણોરે, જમણ રૂડી રીતે. ૬
સૌ પવિત્ર પુસ્તકરે, વાંચો ચિત્ત દઈ;
અમુલ્ય વખત છેરે, ગયો મળશેજ નહિ ૭
જાડી કે આડીરે, ભાષા નહિ ભાખો;
ઘર વાસણ ફળીયુંરે, સાફ કરી રાખો. ૮
ક્રોધીની સામારે, ક્રોધી નવ થાવું;
દેખીને બળતુંરે, પાણી થઈ જાવું. ૯
વળી વાદ તજીનેરે, વિવેક લહો વાતે,
વચનો વિચારીરે, બોલો સૌ સાથે. ૧૦
બહુ અદબ ધરીનેરે, ચાલ રૂડી ચાલો;
ભુંડાઇ તજીનેરે, ભલપણને ઝાલો. ૧૧
દુઃખ વખતે ધીરજરે, ધરી રાખો મનમાં;
કપડાં આછકડાંરે, ધરવાં નહિ તનમાં. ૧૨
સદાયે રહેવુંરે, આનંદી ચિત્તે;
ફોસલાઇ ફસાવુંરે, નહિ રૂપે વિત્તે. ૧૩
પીયર શ્વસુર કુળરે, પ્રીતિ મેળવજો;
મીઠાં વચનોથીરે, પતિને કેળવજો. ૧૪

વળી અતિ ઘરેણાંરે, ઘાલી નહિ ફરવું;
મરજાદા મેલીરે, કામ ન કંઈ કરવું. ૧૫
સૌ વ્હેમ વિદારોરે, ભલું ભણતર ભણીને;
કથન સૌ હૃદયે રે, મણિ ભૂષણ ગણીને. ૧૬

ગરબી ૩ જી.

સતી સ્ત્રીઓનો શૃંગાર.

(પુનમ ચાંદની ખીલીરે, પુગી અહીંરે) એ રાગ

શોભે સુંદરી સદ્‌ગુણના, શંગારથીરે;
ધર્મ વિના નહિ ધાને ધાતુ ધન પાષાણ,
સજની સફળ જીવન સતીઓનું આ સંસારમાંરે. ટેક

સ્નાન કરો મન શુદ્ધિનું, અમળ થવા નિજ અંગ;
સત્ય સુગંધી મરદને, ઉરમાં ધરો ઉમંગ,
પ્હેરો લાજ રૂપી પટકુળ મહા મોંઘા મૂલનાંરે;
નિયમો નાના વિધના નૌતમ દીપે રંગ,
સજની સફળ જીવન સતીઓનું આ સંસારમાંરે. ૧

અંજન મન રંજન કરો, નેહ રૂપી નીજ નેણ;
સુકર્મ કંકણ કર વિષે, ચળકાવો સુખ દેણ,
શ્રધા ટીલડી ભાલે, ચોડો ચતુરાં ચોપથીરે;
નથની ધરો નમનતા નાકે મનહર બેશ. સજની૦ ૨

વિનય રૂપી વેણી ગુંથી, સેંથે સિંદૂર સંપ;
વ્હાલમનું મન વશ કરો, જીવને વાળી જંપ.

મોહની મધુર વચનની રસના રસ ભરી રાખજોરે,
પરહિત ઇચ્છા બાજુબંધ બેરખી સાર. સજની૦ ૩

શીયલ રૂપી સાડી સજો, સુનીતિ બુટ્ટાદાર;
શાન્તિ કસણી કોરની. મન રાચે મુલ્લદાર.

ઉત્તમ દયા રૂપી કંચુકી ધારો અંગમાંગે,
ચણીયો ચતુરાઈ કેરો પ્રેમે કરી પરિધાન. સજની૦ ૪

ધર્મ ઘરાણું ધાતનું, માળા મણિ જડીત;
મુક્તા સદ્દગુણ શોભતા, પ્રોવો પરમ પુનિત.

પતિના પ્રેમ રૂપી તે રત્ન હીરાના હાર છેરે,
ધારો હર્ષ થકી એ સર્વાંગે શણગાર. સજની૦ ૫

સ્વામીની સેવા રૂપી, ઝાંઝરનો ઝમકાર;
ટેક વિવેકજ વિછુવા, ઠીક બને ઠમકાર.

પતિગુણ ગાન મુખે તે ઘુઘરીના ઘમકાર છેરે,
શ્રવણ સુભક્તિ પ્રભુની કર્ણ ઝુમક ઝાલ. સજની૦ ૬

પતિ મુખ નીરખીને સતી, અંગે ધરે ઉલ્લાસ;
ચરણ કમલમાં ચિત્ત ધરી, પૂર્ણ કરે અભિલાષ

ઘટમાં રોજ રટે ગોવિંદને નિજ ઘરમાં રહીરે;
કામ વિના પર મંદીર આપે નવ અથડાય. સજની૦ ૭

પ્યારો પ્રાણ થકી ગણે, ભણે ન ભેદની વાત;
સુખ દુ:ખમાં સાથે રહે, તારે તે કુળ સાત.

ઉજવલ યશ વિસ્તારી, અમર બને આ લોકમાંરે,
ગુણિજન તે ગોરીના ગુણની ગીતા ગાય સજની૦ ૮

સુનીતિના સરવર વિષે, ઝીલે હંસ સુજાણ;
મુક્તાફળ કીર્તિ ચરી, પ્રસન કરે નિજ પ્રાણ.

વાત ન રૂચે તેવા યશને ટેક વિવેકનીરે,
હિંસા કરીને બગલો હૈયામાં હરખાય. સજની૦ ૯
આયુધ શું યુદ્ધમાં ધરે, નર કાયર નિર્માલ્ય;
કિંમત રત્ન તણી કરે, કેમ કરી કંગાળ.
કેસરી ઘાસ ન ભક્ષે આપે સો ઉપવાસમાંરે,
સતીઓ સંકટમાં પણ તજે ન નિજનો ટેક. સજની૦ ૧૦
લોભ થકી લલચાય ના, ડરે ન યમથી આપ;
મોહ ન લાગે મન વિષે, પતિવ્રત તણો પ્રતાપ.
કારણ કંથ તણી મરજીને આધિન આચરેરે,
પતિને પ્રસન કરીને પ્રસન રહે વળી આપ. સજની૦ ૧૧
તારા દમયંતી સીતા, અનુસુયાદિ અનંત;
અમર બની આ લોકમાં, પાળી પતિવ્રત પંથ;
ભવસાગરમાં નૌકા, સત્ય શીયળ સુખદાયી છેરે,
મનમાં સમજો બ્હેનો મોક્ષ તણું એ મૂળ. સજની૦ ૧૨
ત્રાતા તો સતીનો પતિ, સકળ તીર્થનું સાર;
પુનિત બને પદ સ્પર્શથી, લાધે પુન્ય અપાર;
ષડ દર્શન બોલંતા પતિ મુખ મુખ્ય દિસે સદારે,
મહા સુખ પામે શિક્ષા મણિની સુણતાં કાન,
સજની સફળ જીવન સતીઓનું આ સંસારમાંરે. ૧૩

ગરબી ૪ થી.

શાન્તિથી શીયળ સાચવવા વિષે.

(વ્હાલા તમે પુરૂષ અમે નારી) એ રાગ.

શાન્તિ શાયળવ્રત ધારોરે, બ્હેનો શાન્તિ શાયળવ્રત ધારો;

જેથી સુધરે જન્મ તમારોરે,
બ્હેનો શાન્તિ શીયળ વ્રત ધારો. ટેક.

શાન્તિથી કાન્તિ તનની વધશે,
સતીવ્રત શુભ ગતિ ધારોરે; બ્હેનો શાન્તિ. ૧
શીલ તણા શણગાર સજીને,
શરીર સદા શણગારોરે; બ્હેનો શાન્તિ. ૨
શીળ ચિંતામણિ કંઠ ધરીને,
શોભા સદૈવ વધારોરે; બ્હેનો શાન્તિ. ૩
માનવ જાતિ વિષે શુભ આવ્યો,
જન્મ ભવજળ તરનારોરે; બ્હેનો શાન્તિ. ૪
ગઈ પલ પાછી નહિ મળવાની,
હીરા હાથ આવ્યો ન હારોરે; બ્હેનો શાન્તિ. ૫
વિશ્વાસ કાળ તણો નવ કરીયે,
આવ્યો આજ ઉત્તમ વારોરે; બ્હેનો શાન્તિ. ૬
સદ્‌ગુણના શુભ ભૂષણ પ્હેરી,
કરી દુર્ગુણ વિસારોરે; બ્હેનો શાન્તિ. ૭
સત્ સંગ સાથ લહી ગુણિજનનો,
પુણ્યને પથે પધારોરે; બ્હેનો શાન્તિ. ૮
દુર્ગુણ દૂર રહે નહિ એવો,
કરવો નહિ કદી અણુસારોરે; બ્હેનો શાન્તિ. ૯
દેવે દીધેલ દયા કરી તમને,
સફળ કરો જન્મારોરે; બ્હેનો શાન્તિ. ૧૦
ક્ષણભંગુર આ દેહ સમજવો,
જન્મ મરણ ધરનારોરે; બ્હેનો શાન્તિ. ૧૧
પર ઉપકાર કરો નિત કોડે,
સર્વ જનોપર સારોરે; બ્હેનો શાન્તિ. ૧૨

વાણી અને મન વશ કરવાનો,
નિશ્ચે પ્રકાર છે સારોરે; મ્હેનો શાન્તિ. ૧૩
સાર રહિત સંસારની વસ્તુ,
નિત્ય વિવેકે વિચારોરે; મ્હેનો શાન્તિ. ૧૪
આત્મ સમાન સમગ્ર ગણીને,
ક્યાંહિ ન કરીએ તુંકારોરે; મ્હેનો શાન્તિ. ૧૫
દુઃખ ન દેવું કદી દીન જનને,
ધર્મ રહ્યો તેમાં તમારોરે; મ્હેનો શાન્તિ. ૧૬
નિત્ય સ્વધર્મ પ્રમાણે વરતવું,
પુણ્યમાં કરવા વધારોરે: મ્હેનો શાન્તિ. ૧૭
આ ભવસાગર ભાવથી તરવા,
શોધવા શ્રેષ્ઠ પ્રકારોરે, મ્હેનો શાન્તિ. ૧૮
પાપને પંથે ચડે જે અધર્મી,
તે જન નરકે જનારોરે; મ્હેનો શાન્તિ. ૧૯
વાવવું સંપનું વૃક્ષ આનંદે,
નિજ કુળમાં કરી ક્યારોરે; મ્હેનો શાન્તિ. ૨૦
વેદ અને શુભ શાસ્ત્રનાં વચને,
પાડવો નિત્ય પનારોરે; મ્હેનો શાન્તિ. ૨૧
કામ ક્રોધ મદ મોહને હણવા,
તજીયે વિષય વિકારોરે: મ્હેનો શાન્તિ. ૨૨
લાવી દયા દિલ માંહી વિશેષે,
તજી સૌ ઉર અહંકારોરે; મ્હેનો શાન્તિ. ૨૩
શીલ વડે નિજ કુળ ઉજાળી,
શીલ મણિ પ્રભુ કંઠ ધારોરે; મ્હેનો શાન્તિ. ૨૪

ગરબી ૫ મી.

સંસાર રૂપી વન.

* (તજો તમે કેફ કરમ કરવું) એ રાગ.

વિકટ જગ વન વસમું કારી, તેમાં દિસે ભૂલવણી ભારી. ટેક.
કહેતાં મતિ પહોંચે નહિ મારી, વિકટ જગ જન વસમું કારી, ૧
પડી ભૂલ ચાલ્યો જગ વનમાં, વિચારે પડયો પછીથી મનમા;
મળ્યું નહિ સુખ મારા તનમાં, વિકટ જગ વન વસમું કારી. ૨
અતિ બળે તડકો તૃષા લાગી, ચળે મન મારૂં લઉં જળ માગી;
પણ એથી તરસ તો નહિ ભાગી, વિકટ જગ વન વસમુ કારી. ૩
ગયો થોડે દૂરજ હું જ્યારે, જોગી એક નજર પડયો ત્યારે;
ઊભો કર જોડી હું જે વારે, વિકટ જગ વન વસમું કારી. ૪
લાગ્યો પૂછવા એવા પાસે, કહો જોગી કેવું આ વન ભાસે;
તેણે વાત કહીં મન ઉલ્લાસે, વિકટ જગ વન વસમું કારી. ૫
દીસે આ વનમાં ભય ભારી, વસે વાઘ વરૂ નાગણ કાળી;
જાળવજે નાંખે ન તુંને મારી, વિકટ જગ વન વસમું કારી. ૬
આ ડુંગર મોહ તણા દીસે, રહે ડાકણ શાકણ એહ વિષે;
જતાં વેંત રૂધીર તુજ પીશે, વિકટ જગ વન વસમુ કારી. ૭
જો જો આ મદન હાથી આવે, તેને જો આ હાથિણી લલચાવે;
પડતાં હાથ પૂરણ દુભાવે, વિકટ જગ વન વસમું કારી. ૮
ચડી ક્રોધ ઝાડે મોહન વેલી, લુંટે સૌની આબરૂ એ પ્હેલી;
આવ્યો શીદ આંહી તું ઘર મેલી, વિકટ જગ વન વસમું કારી. ૯
જો જો પ્હેલી જક્ષણી આ જાયે, તેના ત્રણ પુત્ર દીસે ભાયે†;

---

* " મારા સમ બોલોની વ્હાલા " એ રાગમાં ગવાશે. † ભાઈ.

મદ, મત્સર, કામજ કહેવાયે, વિકટ જગ વન વસમું કારી. ૧૦
જો જો ચાલી ચતુરાં ચિંતા આવે, ભજો એને તો નિદ્રા નાવે;
એની ભગની ઇચ્છાબાઇ કુહાવે, વિકટ જગ વન વસમું કારી. ૧૧
દીસે વિકટ ભાઇ આ રસ્તો. ખરૂં કહું છું વત્સ, નથી હસતો;
દીસે કઠણુ અતિશે નહિ સસ્તો. વિકટ જગ વન વસમુ ભારી. ૧૨
શુણી વાત ભય વાધ્યો ભારી, રહી નહિ વૃત્તિ અચલ મારી;
એવુ વિકટ વન છે આ સંસારી, વિકટ જગ વન વસમું કારી. ૧૩
દેખી દીલગીર ગુરૂ કહે છે, ફિકર છોડી સદ્ગુણ જે.લે છે.
તેને પ્રભુ પાર કરી દે છે, વિકટ જગ વન વસમું કારી. ૧૪
ક્ષમા ને ધીરજ સંતોષે કરી, હિંમત હાથી ભયને લેશે હરી;
પ્રભુ પ્રેમ નાવેથી જાશો તરી, વિકટ જગ વન વસમું કારી. ૧૫
તજી ચિંતા ચિત્ત જોડી જ્ઞાને, ધરી હોંશ ઇશ્વર જશ ગાને;
મણિ કહે સદ્ગુણી તું થાને, વિકટ જગ વન વસમું કારી. ૧૬

ગરબી ૬ ઠ્ઠી.

(બાગનું વર્ણન.) દીકરીએ મા પાસે કરેલું વર્ણન.

(અંબાજી ગરબે ઘૂમે છે) એ રાગ.

રૂડા આંગણે બાગ રોપાવોરે મા, બાગમાં સહિયર સહુ રમશું;
હોંશે ફુલ ઝાડો નંખાવોરે મા, બાગમાં૦ ૧
ઘણી જાતના રોપાવો આંબારે મા, બાગમાં૦
લાવી વાવી કરો કેળ સ્થંભ લાંબારે મા, બાગમાં૦ ૨
છુટા છુટા ઓપે છોડ સારારે મા, બાગમાં૦
કરો કેલબંધ કોરના કયારારે મા, બાગમાં૦ ૩

કરેણુ કેતકી કુમુદની વાવોરે મા, બાગમાં૦
રૂડાં કેસુડાં કદંબો રોપાવોરે મા, બાગમાં૦ ૪
ગુણી ગુલાબ ગલ ગલતુરોરે મા, બાગમાં૦
જુઈ જાઈ જામસાઈ ધંતુરોરે મા બાગમાં૦ ૫
બકુલો બોલસરી બટ મોગરોરે મા, બાગમાં૦
ચંપો કેવડો તુલશી ડમરોરે મા, બાગમાં૦ ૬
સુરજમુખી મોગરો ગલગોટોરે મા, બાગમાં૦
તનમનીયાં બપોરીયો મોટોરે મા, બાગમાં૦ ૭
પારીજાતક પુષ્પો ફૂલેરે મા, બાગમાં૦
ગુલછડી તગર બહુ ઝુલેરે મા, બાગમાં૦ ૮
શોભે ફૂલઝાડ હારો હારરે મા, બાગમાં૦
રૂડા માલતીના છોડ હજારરે મા, બાગમાં૦ ૯
હાર શૃંગાર સહુ રહે ભૂલીરે મા. બાગમાં૦
ભમે ભમરા ઘણા ભાન ભૂલીરે મા, બાગમાં૦ ૧૦
વધે વાસના વિશેષે સારીરે મા, બાગમાં૦
વાવો નાગરવેલ શણગારીરે મા, બાગમાં૦ ૧૧
વટ ચંદન વૃક્ષ બહુ મોટાંરે મા, બાગમાં૦
વાવો પોથિની વેલ રંગ ખોટારે મા. બાગમાં૦ ૧૨
સાગ શીશમને લીંબુ જાંબુરે મા, બાગમાં૦
રૂડું કલ્પદ્રુમ શેતુર લાંબુરે મા. બાગમાં૦ ૧૩
અનાર અંજીર અખોડ બદામરે મા, બાગમાં૦
તજ એલચી લવિંગ ઠામ ઠામરે મા. બાગમાં૦ ૧૪
નાંખો માંડવા દ્રાખના સુધારીરે મા, બાગમાં૦
ફનસ ફાળસાં પપાઉ સોપારીરે મા, બાગમાં૦ ૧૫
કરમદાં ખજુરી નાળિએરી વાવોરે મા, બાગમાં૦
તેને મેંદીની વાડ કરાવોરે મા. બાગમાં૦ ૧૬
આસોપાલવ ચકુફળ ફળશેરે મા, બાગમાં૦

વાવો ઔષધી સહુને મળશેરે મા, બાગમાં૦ ૧૭
રાયણુ બોરડી સીતાફળી અશોકરે મા, બાગમાં૦
જુએ રામફલ જામફળ લોકરે મા, બાગમાં૦ ૧૮
નીર છાંટી રંગાવો ચોકરે મા, બાગમાં૦
રૂડા રસ્તા પડાવો અથોકરે મા, બાગમાં૦ ૧૯
પચરંગી સુએહક રચાવોરે મા, બાગમાં૦
પોપટ મેનાને પાંજરે પઢાવોરે મા, બાગમાં૦ ૨૦
સુધરેલી સૈયરો તેડાવોરે મા. બાગમાં૦
રૂડાં નીતિનાં ગીત ગવરાવોરે મા, બાગમાં૦ ૨૧
મુકું આગણે દીવડા ઉજાગીરે મા, બાગમાં૦
રમુ તેવ તેડી લઇ તાળીરે મા, બાગમાં૦ ૨૨
બધા બાગમાં શિરોમણિ આ બાગરે મા, બાગમાં૦
ગાશું વાજીંત્ર સંગ રૂડા રાગરે મા, બાગમાં૦ ૨૩

ગરબી ૭ મી.

સાસરીએ સંપીને રહેવા વિષે.

(લાલ પીયારીનો સાહેબોરે) એ રાગ.

રહીએ સંપી જંપી સાસરેરે,
જેથી સુખ તન મનમાં થાય હો બ્હેન. રહીએ૦ ટેક.
આળસ ઊંઘ તજી દો અંગનીરે,
લાગો પતિ ગુરૂજનને પાય હો બ્હેન. રહીએ૦ ૧
નિર્મળ મનથી નીતિ સાચવોરે,
એ કલ્યાણ તણો શુભ પંથ હો બ્હેન. રહીએ૦

આજ્ઞા લોપો નહિ કદી નાથનીરે,
જેથી રાજી રહે નિજ કંથ હો બ્હેન. રહીએ૦ ૨
વિદ્યા વિવેકને વિચારથીરે,
લેજો સંભાળી શુભ સાર હો બ્હેન. રહીએ૦
લોભ અને લાલચ દૂર રાખજોરે,
મનવશ રાખી સજો સુવિચાર હો બ્હેન. રહીએ૦ ૩
પ્રેમે લાજ મર્યાદા પાળવાંરે,
ધારો ધીરજ ધર્મ સુ સંગ હો બ્હેન રહીએ૦
શીલ સરલતા સાચું ધન ગણીરે,
નિશદિન દીલ ધરવો ઉમંગ હો બ્હેન. રહીએ૦ ૪
સાચી વિદ્યા સમજણ માનીએરે,
જેથી પોઢપણું જળવાય હો બ્હેન. રહીએ૦
શુભ વસ્ત્રાભરણુ શું કામનાંરે,
જો નહિ સદ્‌ગુણી થવાય હો બ્હેન. રહીએ૦ ૫
નમ્રપણું અંગે નિત રાખવુંરે,
ત્યારે સાસરીએ સુખ થાય હો બ્હેન. રહીએ૦
સરલ સ્વભાવે રહેવું સર્વદારે,
જેથી અંતર નહિ અકળાય હો બ્હેન. રહીએ૦ ૬
સમય મળ્યો રૂડો ખોવો નહિરે,
સજવો શીલ તણો શણગાર હો બ્હેન. રહીએ૦
રાખો રોજ લલાટે ચાંડલોરે,
દિન રજની પાળો આચાર હો બ્હેન. રહીએ૦ ૭
ગંભીર મધુર અવાજે બોલીએરે,
હેતે હળી મળી કરવાં કામ હો બ્હેન. રહીએ૦
દોષ પોતાના પિંડ તણો તજોરે,
જેથી મળશે ઉત્તમ ઠામ હો બ્હેન. રહીએ૦ ૮
ચોકખાં તન મન રાખો પ્રેમથીરે,

ધરવાં નહિ આછાં પટકૂળ હો બ્હેન. રહીએ૰
નવરાં રહી પરઘેર જવું નહિરે,
વરતવું નિજ પતિને અનુકૂળ હો બ્હેન. રહીએ૰ ૯
કામ ક્રોધ મદ લોભનોરે,
કરવો શીલ કટારે નાશ હો બ્હેન. રહીએ૰
સર્વે પાપ પથની રીતીઓરે,
તોડી કરવો કુળ ઉજાસ હો બ્હેન રહીએ૰ ૧૦
ખરચ ઉપજ સમ સમજી રાખીએરે,
ઠાલા ભપકાનું નહિ કામ હો બ્હેન, રહીએ૰
વસ્ત્ર અને આભૂષણ કારણેરે,
હઠ કરી ખરચો નહિ કંઇ દામ હો બ્હેન. રહીએ૰ ૧૧
ઘરની વાતો બહાર ન કીજીએરે.
જેથી પત પોતાની જાય હો બ્હેન રહીએ૰
પ્રભુપદ ઉપર પ્રીતિ રાખવીરે,
તે મણિ સમ શોભા લેખાય હો બ્હેન. રહીએ૰ ૧૨

ગરબી ૮ મી.

કન્યા વિક્રય નિષેધ.

(હાંરે વ્હાલા તમે પુરૂષ અમે નારી) એ રાગ.

કન્યા વિક્રયનો ચાલજ ખાળો,
ખાળો કે અગનીમાં બાળોરે; કન્યા વિક્રય૰ ટેક ૧
એવા દુષ્ટોનું દુનિઆમાંથી,
ઠોકર મારી નામ ટાળો રે; કન્યા વિક્રય૰ ૨

વડા વેપારી શેઠ જે કહાવે,
કરે પુત્રિનો ભવ એ શીઆળોરે; કન્યા વિક્રય૦ ૩
એવા લોભી લુચ્ચા જે જન છે,
પ્રભુ એવા પાપીને પ્રજાળો રે; કન્યા વિક્રય૦ ૪
ગાયોને દીકરી જ્યાં દોરે ત્યાં,
મૂકે ત્યાં જાય નહિ આગે રે; કન્યા વિક્રય૦ ૫
એવા દુષ્ટ પિતાને ધિક્ક હોજો
સાઠ વર્ષનો શોધે ધરવાળોરે; કન્યા વિક્રય૦ ૬
પૈસા લઇને ખીસા ભરવા,
સ્વારથ જુએ ન કન્યાનો સારોરે; કન્યા વિક્રય૦ ૭
વૃદ્ધની સાથે વિવાહ કરે છે,
તે તો નજરે વિધવાપણું ભાળોરે. કન્યા વિક્રય૦ ૮
છોકરી તેનાં છાજીયાં લેશે,
મરજો એવો બાપ લોભવાળોરે; કન્યા વિક્રય૦ ૯
એ પૈસાથી પરણે પોત,
ધિ:ક તેનો જન્મારોરે. કન્યા વિક્રય૦ ૧૦
મડા કે બાળ સાથે મીંઢોળ બાંધ્યું,
દેખી ઊંડું મને ઝાળોરે; કન્યા વિક્રય૦ ૧૧
કન્યા દીસે છે સોળ વરસની,
એંશી વર્ષનો વર ભાળોરે; કન્યા વિક્રય૦ ૧૨
એવાં કજોડાંને દુનિયામાં,
દેખી આવે કંટાળોરે; કન્યા વિક્રય૦ ૧૩
દેખીતો જુલમ દુનિયામાં,
બધ કરી ચાલ ટાળોરે; કન્યા વિક્રય૦ ૧૪
વેપારી અધિકારી વિચાર કરીને,
આંખ ઉઘાડીને ભાળોરે; કન્યા વિક્રય૦ ૧૫
ભણિ ગણિ જે સ્ત્રી હોય સારી,

તેનો અભણથી પનારોરે; કન્યા વિક્રય૦ ૧૬
વર સારો કે સમજુ જુએ નહિ,
પિતા પૈસા લેવા વાળોરે; કન્યા વિક્રય૦ ૧૭
પૈસા જમાઇને કરજે કઢાવ્યા,
ભૂખભેળો થયો ભાળોરે; કન્યા વિક્રય૦ ૧૮
ખાવા પીવાના સાંસા પડે છે,
પુત્રિનો ભવ આશીઆળોરે; કન્યા વિક્રય૦ ૧૯
જળ પોટા જેવો પુત્રિનો પૈસો,
ફીટી જતાં ઝટ ભાળોરે; કન્યા વિક્રય૦ ૨૦
શાણા શેઠો સમજી મનમાં,
લોભી વિચારો ટાળોરે; કન્યા વિક્રય૦ ૨૧
પોકાર કરી મણિશંકર કહે છે,
એવો જુલમ કોઇ વીર ખાળોરે; કન્યા વિક્રય૦ ૨૨

ગરબી ૯ મી.

પરોપકાર કરવાનો ઉપદેશ.

(ઓધવજી સંદેશો કહજો શામને) એ રાગ.

પર ઉપકારી કારજ કીજે પ્રાણિયા,
દીધો છે પ્રભુજીએ દુર્લભ દેહજો;
તેના સાર્થકના ભેદો ન જાણિયા,
રાખી બેઠો વિત્ત વિષે તું નેહજો, પર ઉપકારી૦ ૧
મોટાઈ લીધી તેં લાખો લોકમાં,
પૂરણ પામ્યો પુત્ર તથા પરિવારજો;
મન અભિમાન ધરીને ચાલ્યો ચોકમાં,

કદિ જગપર નહિ કીધો પર ઉપકારજો, પર ઉપકારી૦ ૨
ફુલ કરી ફોકટ ફુલાતો તું ફર્યો,
મેળવીયું તેં નાત જાતમાં નામજો;
કૂડ કપટથી પૈસો ભેળો તેં કર્યો,
કહે એ તે શું આવે તુજને કામજો. પર ઉપકારી૦ ૩
જીવ જાની તું તો જો હામો હામની,
કાંઈ પણ કરજે મનુષ્ય કેરૂં કામજો;
નહિતર તારી કાયા તે શા કામની,
તારા મનમાં વિચારજે તું આમજો. પર ઉપકારી૦ ૪
ઝાઝાં ઝાડી તણા તુ જોને ઝાડવાં,
તે પણ આપે ફૂલ ફળોને કાષ્ટજો;
ઔષધ રૂપે જનના દુઃખ મટાડવા,
જાણે પોતે એવો ભણીયાં પાઠજો. પર ઉપકારી૦ ૫
પથરા છે તે પણ જુઓ પરકારણે,
ચણતર માંહે પોતે જરૂર ચણાયજો;
જન ઉપયોગી ચીજોને જઉ વારણે,
જે જનના સુખ સાધન રૂપ મણાયજો પર ઉપકારી૦ ૬
કૂવા તળાવોને વળી રૂડી વાવડી,
તેમજ નદી આપે છે નિર્મળ નીરજો;
એવી રીતિ જે જનને નવ આવડી,
તેને જોઈ મન થઈએ દિલગીરજો, પર ઉપકારી૦ ૭
દેહ ધર્યો ધરણીમાં પણ નવ ધારીયો,
વ્યર્થ જન્મ ભૂમિ શિર કીધો ભારજો;
હાથે ચડીયો હીરો જે જન હારીયો,
તેને કવિ કોવિદ કરશે ધિઃક્કારજો. પર ઉપકારી૦ ૮
એ માટે આ કે'ણુજ મારૂં માનીને,
તું કર શક્તિ પ્રમાણે રૂડાં કામજો;

તો ગમશે તારા ગુણુ સઘળા જ્ઞાનીને,
આ જુગમાં વળી રહેશે તારૂં નામજો. પર ઉપકારી૦ ૯

એ માટે માણુસનો આ અવતાર છે,
બીજો કંઈ મન લાભ ન જાણીશ લેશજો;
આ સંસાર વિષે એ ઉત્તમ સાર છે,
જાણી લે મનમાં તું એમ હમેશજો. પર ઉપકારી૦ ૧૦

જેથી પરલોકોમાં પણુ સુખ પામીએ,
નક્કી મેળવશો પ્રભુજીનો સ્નેહજો;
આપણુને દીધો છે અંતરજામીએ,
એ કારણુ રૂડો માણુસનો દેહજો. પર ઉપકારી૦ ૧૧

પણુ તું પેટ ભરીનેરે પોઢી રહ્યો,
મનમાની તેં માણી જગમાં મોજજો;
વણુ વ્હેવારિકના પૂરમાં તું તો વહ્યો,
બહુ લીધો છે જડાઈ કેરો બોજજો. પર ઉપકારી૦ ૧૨

જે સજ્જન ઉપકારી કામ કરી ગયા,
એવા સજ્જનને મનમાં સંભારજો;
જે પૃથ્વી ઉપર નામાધારી થયા,
ધન્ય ધન્ય છે એના સૌ અવતારજો. પર ઉપકારી૦ ૧૩

ભાળી ભૂખ્યાંને ભોજન તો આપીએ,
સદ્‌વિદ્યા આદિકનું દીજે દાનજો;
એવી રીતે જનનાં દુઃખો કાપીએ,
ઉદાર મન રાખો સદા મહેરબાનજો. પર ઉપકારી૦ ૧૪

રોગી માણુસના સહુ રોગ મટાડીએ,
રૂડાં કરી ઓસડ ઉપાય અનેકજો;
સદાય ચિંતા મનમાંથીજ ઘટાડીએ,
ધારી મનમાં રૂડી ધરમની ટેકજો. પર ઉપકારી૦ ૧૫

કાઢ્યો કાળ નકામો તમે કેટલો,
જુઓ વિચારી કીધાં શાં શાં કામજો;
મણિ સમ ગણિને ઉત્તમ ઉપદેશ એટલો,
મન ધરશો તો મળશે ઉત્તમ ઠામજો. પર ઉપકારી० ૧૬

ગરબી ૧૦મી.

પરમેશ્વરની દયા.

(મ્હોલે પધારો મહારાજ, માણીગર મ્હોલે પધારો) એ રાગ.

પ્રભુની કૃપાને છે ધન્ય
સજન ધન્ય પ્રભુની કૃપાને;
ધન્ય ધન્ય જગત કીરતાર,
સજન ધન્ય પ્રભુની કૃપાને. ટેક.
ચિંતા ચિત્ત વિષે સદા,
રાખે સર્વની તેહ;
પ્રીતિ લાવી પાળે છે,
વરસાવે છે તે મેહ. સજન ધન્ય० ૧
સૌથી સોંઘું જળ કર્યું,
ખપનું જાણી સદાય;
એવું ભલપણ આણીને,
કીધી પ્રાણી તણી રક્ષાય. સજન ધન્ય० ૨
જુઓ અત્તર મોંઘું કર્યું,
લાયક મન ગણી લીધ;
ઉપયોગી તે નહિ બહુ,
શ્રીમંતોને દિનદિન દીધ. સજન ધન્ય० ૩

મોતી કણ મોંઘા કર્યાં,
ધર્યાં ધનાઢયને ઘેર;
કણ તે અલ્પજ ઉછર્યાં,
જુઓ વિચારી મન ભલિ પેર. સજન ધન્ય૦ ૪
અન્ન કણો સસ્તા કર્યાં,
વાટે ઘાટે ઘણાય;
સૌ માણસ હેવે જમે,
મનમાં હરખીને સદાય. સજન ધન્ય૦ ૫
મોંઘા મ્હેલ કર્યા ઘણા,
મળશે ભાગ્યે એક;
છોટા જન ઇચ્છે નહિ,
તેહ મેળવવાને છેક. સજન ધન્ય૦ ૬
સોંઘી છાંય તરૂવર તણી,
દેખીને સુખ થાય;
અદ્ભુત માયા તેહની,
જુઓ કોથી નહિ કળાય. સજન ધન્ય૦ ૭
રિદ્ધિપતિને મ્હેલમાં,
અવલોકી શકે નહિ કોય;
ચોકી ચાવડીએ દીઠી,
તેનું દર્શન દુર્લભ હોય. સજન ધન્ય૦ ૮
ગુણિ*જનને ગરીબાઈ છે,
મળશે સર્વે ધાઈ;
અહા! ધન્ય પ્રભુ તને,
ધન્ય ધન્ય તારી ચતુરાઈ. સજન ધન્ય૦ ૯
મોંઘા જરીયન તાર છે,
એસે દામ ઘણાય;

* જનો.

સુતરથી મોંઘુ કર્યું,
જેથી નિર્ધને નહિ લેવાય. સજન ધન્ય૦ ૧૦
કેવું સુતર સસ્તુ કર્યું,
સુલભ લેવું જણાય;
ઈશ્વરનું ડહાપણ જુઓ,
કહો કેના થકી એ ગણાય. સજન ધન્ય૦ ૧૧
કનક ફળ કાંટાળા કર્યા,
કેળા કોમળ કીધ;
ઉપયોગી જાણી ઘણી,
તેવી વસ્તુ સસ્તી કરી દીધ સજન ધન્ય૦ ૧૨
જે જે ઉપયોગી ઘણા,
મોઘા કીધા અપાર;
રૂડું કીધું જગદીશ્વરે,
માને તુજ પાડ સૌ સસાર. સજન ધન્ય૦ ૧૩
ઠરાવ એવો સહુ સ્થળે,
કીધો છે જગદીશ;
અદ્દભુત કામો જોઈને,
નામે મણિશંકર તુંને† શીશ. સજન ધન્ય૦ ૧૪

† તને

સમાપ્ત.

વેકેશન વખતે છેવટ ઇશ્વર પ્રાર્થના.

ભુજંગી છંદ.

મળી સર્વ બ્હેનો સદા હાથ જોડી,
કરીએ પ્રભુ પ્રાર્થના ચિત્ત ચોડી;
અહો હે પ્રભુ સર્વ તાપો સમાવો,
સહુ સાથને ક્ષેમ રાખી નિભાવો, ૧
ઉમંગી પણું આપજો સર્વ હાથે
કરો દૂર વિઘ્નો પ્રભુજી સદાયે;
નીતિમાં પુરી પ્રીત સારી રખાવો,
સહુ સાથને ક્ષેમ રાખી નિભાવો. ૨
રૂડાં ગીત નીતિ તણાં જે રૂપાળાં,
દઈ યાદી કંઠે કરાવો રસાળાં;
ગણી બાળકો હોંશ પુરી કરાવો,
સહુ સાથને ક્ષેમ રાખી નિભાવો. ૩
નવાં પુસ્તકોમાં પુરો પ્રેમ આપો,
દઈ હર્ષ હૈયે ગુરૂ ભાવ સ્થાપો;
પિતા માત ભક્તિ હૃદા‡માં ઠસાવો,
સહુ સાથને ક્ષેમ રાખી નિભાવો. ૪

---

‡ હૃદય.

દોહરો.

ગુણવંતી બ્હેનો સહુ, ભણશો રાખી પ્રેમ;
તો નીતિ સદ્‌ગુણ ને, મેળવશો જશ તેમ.

જાહેર ખબર.

મહેરબાન સદ્‌ગૃહસ્થો,

આ વિનતિપત્રથી આપને ખબર આપવામાં આવે છે કે અમારા તરફથી થોડા રોજમાં નિચે લખ્યાં પુસ્તકો છપાઈ બહાર પડવાનાં છે તો અગાઉથી ગ્રાહક થઈ નામો નોંધાવશોજી.

			કિંમત	રૂ. આ. પા.
રસીક પ્રેમવેલી ભાગ ૧ (ખરા પ્રેમની ખુબી)				૦-૧૦-૦
કર્ણદાનેશ્વરી નાટક	...	...		૦--૩-૦
દ્રષ્ટાંત બત્રીસી ...	...	...		૦-૪-૦
પંચદેવ પ્રાકૃત પૂજન	...	...		૦-૬-૦
સત્‌ સજ્જની ..	...	...		૦-૨-૦
બાલ હિતોપદેશક બત્રીસી ...		...		૦-૩-૦
સામાન્ય કવિતારૂપ ભુગોળ ...		...		૦-૨-૦

ઉપર જણાવેલાં પુસ્તકોનાં ૨૦૦ ગ્રાહક થયે છપાવી પ્રસિદ્ધ કરવામાં આવશે. જેને લેવા મરજી હોય, તેણે નિચેને શીરનામે લખવું. અગાઉથી ગ્રાહક થનારને પોસ્ટેજ માફ. દશ પ્રત સાથે લેનારને ૧ પ્રત ભેટ.

તા ૧લી એપ્રિલ, ૧૯૧૦.

લિ. કર્તા
મણિશંકર વિ. વિશ્વનાથ દવે.
રહીશ જોડીયા બંદર.
નવી ગુ. હિં. કન્યાશાળાના
મેહેતાજી.
જોડીયા બજાર,—કરાચી.